


# અધ્યાત્મ

વર્ષ : ૧૦ ઓક્ટોબર-૧૯૮૮ અંક : ૧

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ માટે સદ્ભાવભરી ભેટની પુનિત ગંગાનો પ્રવાહ પૂ. ગુરૂદેવ અને પૂ. માની કૃપાથી એકધારો ચાલુ રહે છે, એજ એને આજના મોંઘવારીના યુગમાં આર્થિક રીતે ટકી રહેવાનું બળ પૂરૂં પાડે છે. આ બધી ભેટો માટે અમે ખરેજ સહુ સાધક ને વાંચક ભાઈ બહેનોના આભારી છીએ. પ્રભુ તેમના સત્કર્મ બદલ એમને સહાય કરતો રહે એજ મંગલ કામના.

રૂા. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

૧૧ શ્રી ધીરૂભાઈ ડી. ત્રિવેદી, મોરબી.
૧૦૧ પ્રો. એમ. એચ. પંડ્યા, અમદાવાદ.
૨૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૨૧ શ્રી કીકાભાઈ ભાવસારના સ્મરણાર્થે હા.
,, સુરેખાબેન ભાવસાર, સુરત.
૨૫ શ્રી પ્રાગજીભાઇ આર. લાડ.
૨૫ ડો. ધર્મેશકુમાર દુલેરાય ઓઝા, મેડિકલ ઓફિસર તરીકે સરકારી નોકરીમાં જોડાતાં.
૫૧ શ્રી વિઠ્ઠલભાઇ શામજીભાઇ પરમાર, સુરત.
૫૮ શ્રી છગનભાઈ ત્રિભોવનભાઇ સોરઠિયા, સુરત.
૫૦ ,, કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૬૦ ,, સંજયકુમાર સી. પંડ્યા, રાજકોટ.
૩૧ ,, ભરતકુમાર ગોકળદાસ શાહ.
૫૦ ,, કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૨૧ ,, મધુરીબેન મહેન્દ્રભાઈ સારંગ, નોકરી મળવાથી.
૨૧ ,, મનસુખલાલ કાનજીભાઇ સારંગ, સુરત.
૪૨ ,, લલિત એમ. પારેખ, મુંબઇ. એન્જીનિયરીંગમાં પાસ થતાં.

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

પ. પૂ. મા શ્રી જ્યોતિર્મયી તથા પ. પૂ. શ્રી યોગેશ્વરજી



"નાના ગામે જન્મ ધરીને જગનાં થયાં તમે
એવી માતાને મળવાનું પામ્યા ભાગ્ય અમે."
યોગેશ્વરજી

## * તમારો ત્યાગ *

તમે છોડી સર્વે વિષય જગના જંગલ રહ્યાં;
યુવાનીમાં છોડી ગૃહસ્વજનસંપત્તિ સુખદા
તજી પર્યંકોને પ્રતિદિવસ પૃથ્વી પર સૂતાં;
સહ્યાં કષ્ટો સ્નેહે હિમગિરિતણાં તીર્થસ્થળમાં,
ઘણા સર્પો રીંછો પશુ વિવિધ ને વ્યાઘ્ર વચમાં
વિપત્તિને વેઠી, મન વશ કરી ઇન્દ્રિયતણા
તમે નાથ્યા અશ્વો અનવરત ડૂબ્યાં રસમહીં;
મને દીસે બીજું પુનિત ખલુ દૃષ્ટાંત જ નહીં.

તજે આત્મા માટે મનુજ સુખસંપત્તિપદને,
અરણ્યે એકાંતે તપરત બને ઈશચરણે,
સમર્પે સામગ્રી સકળ જગની ધ્યાન ધરવા;
તમે કિન્તુ છોડયું સકળ મુજ માટે વન મહીં
રહેવાને સાથે પરમસુખના શ્વાસ ધરતાં;
**તમારો તો દેવી અતુલ અદકો ત્યાગ જગમાં.**

યોગેશ્વરજી
[ 'તર્પણ'માંથી ]

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૧૦ અંક : ૧ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧ |
| અમારી વિદેશયાત્રા | નારાયણ હ. જાની | ૯ |
| માતૃવંદના | તંત્રી | ૧૫ |
| અધ્યાત્મને લીધે | તંત્રી | ૧૮ |
| શું સંન્યાસ કે ત્યાગ અનિવાર્ય છે ? | પરમાર્થી | ૨૦ |
| જીવનવીર | રતિલાલ ભાવસાર | ૨૪ |
| ટેક | રાજેન્દ્ર નારાયણ જાની | ૨૫ |
| અમેરિકામાં ઉજવાશે પૂ. માનો જન્મદિન | — | ૩૦ |
| સિદ્ધદેહની પાપ નિવારણ શક્તિ | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૩૨ |
| આત્મજ્ઞાની | કમલ સુથાર | ૪૦ |
| આનંદ ના આવે તો પણ કરો | વિજય પુરોહિત | ૪૩ |
| ઋણ સ્વીકાર | નારાયણ હ. જાની | ૪૭ |
| અમારા અનોખા ધર્મનિષ્ઠ યજમાન— શ્રી ભગવાનજીભાઇ | નારાયણ હ. જાની | ૫૩ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૪ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ ઓકટોબર-૧૯૮૮ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

તા. ૫/૯/૧૯૮૦ ને શુક્રવાર સ્થળ. સુભાષ બંગલો સરદારનગર, ભાવનગર.

પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો સેવાયોગ.

માતાજીની માંદગી પ્રસંગે પૂ. શ્રી તા. ૫/૯/૧૯૮૦ ના રોજ સાંજે સાત વાગ્યાથી સવારે અગિયાર સુધી કઇ કઇ રીતે સમય પસાર કર્યો તેની નોંધ.

આખો દિવસ સેવા, સેવા ને સેવા. માત્ર એક કલાક પૂ. શ્રી પ્રવચન આપે છે. તો રાત્રે પણ આ મહા માંદગીમાંથી ઊઠેલા શ્રી યોગેશ્વરજીના શરીરથી પ્રભુ કેવી સેવા કરાવે છે તે જોઇએ.

તા. ૫/૯/૧૯૮૦, શુક્રવાર, અજા એકાદશી, શ્રાવણવદ સાંજે પૂ. શ્રી એક કલાક પ્રવચન આપે છે. પછી

૭ થી ૮-૦૦ પ્રવચન

૮ થી ૮-૧૫ પ્રણામવિધિ

૮-૧૫ થી ૮-૩૦ ડોકટરો સાથે વાતચીત

૮-૩૦ થી ૯-૩૦ માતાજીને કંઇક ખોરાક આપવાના પ્રયત્નોનું કાર્ય

૯–૩૦ થી ૯–૫૫ દૂધ, કેળાં વ. લેવું.

૯–૫૫ થી ૧૧–૦૦ માતાજી સાથે તેમની પાસે બેસી સતત વાતો શરૂ થાય છે.

૧૧-૦૦ થી ૧–૦૦ પૂ. શ્રી આરામ કરે છે.

૧–૦૦ થી ૨–૦૦ માતાજીને જગાડી પાણી પીવું છે એવું પૂછતાં ફરી માતાજી વાતો શરૂ કરે છે. વચ્ચે મધનું પાણી, પપૈયું અપાય છે. વળી માતાજીને કુદરતી હાજતે લઈ જવામાં આવે છે.

૨–૦૦ થી ૨–૪૫ પૂ. શ્રી આરામ કરે છે.

૨–૪૫ થી ૩–૧૦ પાણી પીવાનું આપે છે. ઠંડી લાગવાથી માતાજીને ઓઢાડી તેમના શરીર પર હાથ ફેરવાય છે.

૩–૧૦ થી ૩–૩૦ પૂ. શ્રી આરામ કરે છે.

૩–૩૦ થી ૪–૩૦ માતાજીને કુદરતી હાજતે લઇ જવાય છે; પાણી, મોસંબીનો રસ, દૂધ, પપૈયું આપીને તાવ હોવાથી દવા અપાય છે.

૪–૩૦ થી ૫–૩૦ આરામ

૫–૩૦ થી ૫–૪૫ માતાજી જાગે છે. પાણી વ. આપવામાં આવે છે.

૫–૪૫ થી ૬–૩૦ પૂ. શ્રી આરામ કરે છે.

૬–૩૦ થી ૭–૦૦ માતાજીને કુદરતી હાજતે લઈ જવાય છે. પપૈયું, રસ અપાય છે.

ફરી પ્રવચન પછી માતાજી પાસે સાડાનવ સુધી સેવામાં હાજર થાય છે. સાડાનવથી ૨૫ મિનિટમાં દૂધ વ. લઇને પૂ. શ્રી ફરી સેવામાં હાજર થાય છે. પૂ. શ્રી કહે છે કે, “મારી માંદગી પછી હવે સંસારના કોઇ પણ માટે પ્રીતિ નથી રહી, માતાજીની સેવા કરવા માટે કરું છું. બાકી કયારનો ફરીથી હિમાલય જઇને મૌન ધારીને બેસી ગયો હોત, પણ



અહીં છું–ફકત તમારે લીધે આજે અહીં છું. અને તેથી પાંચપંદરનું કલ્યાણ થશે એ સારી વાત છે. બાકી મને હવે કાંઇ રસ નથી. આ સેવા કરી શકું છું. તેની પાછળ તમે છો, તમારો પ્રેમભાવ છે જેથી મને હિંમત, પ્રેરણા, ઉત્સાહ મળે છે. તમને હું જગદંબા માનું છું ને એટલે મને શકિત મળી રહે છે.” સર્વેશ્વરીને ઉદ્દેશીને કહેવાયેલા આ અમૃત-વચનો શ્રી નારાયણભાઇ, શ્રી સરસ્વતીબેન અને એમના દીકરા અજય સહિત અમે સાંભળી રહ્યા છીએ.

પોતાનું જે કાંઇ જીવન છે તેમાં રસ છે, હિંમત છે તે સર્વનો યશ સર્વેશ્વરીને પૂ. શ્રી ખૂબ સહજભાવે આપી દે છે. રોજ રોજ પરમશકિત પૂ. શ્રીને કહે છે કે તમે જે હિમાલયમાં સાધના કરી અને મારું સતત સ્થૂળ સાન્નિધ્ય ઝંખતા હતા તે પ્રાર્થનાના જવાબરૂપે હું તમને મદદ કરવા સર્વેશ્વરીના રૂપમાં આવી છું. હું જ લીલા કરી રહી છું; અને સાચે જ પૂ. શ્રીને એવી દિવ્ય અનુભૂતિ પણ થઇ છે. કદાચ જગત આખું વિરોધ કરે છતાં પોતાની અનુભૂતિ અને પરમશકિતની સ્પષ્ટ સૂચના પ્રમાણે જ ચાલવાની શક્તિ પૂ. શ્રી ધરાવે છે. પૂ. શ્રીમાં અડગ નિશ્ચયબળનાં એવાં દર્શન વારંવાર થાય છે.

રાત્રે ૧૧–૦૦ વાગ્યા સુધી પૂ. શ્રી સાથે સામાન્ય વાતો માતાજી કરે છે. વાતવાતમાં માતાજી કંઈક પ્રવાહી રૂપે લે એવો આગ્રહ પણ વચ્ચે વચ્ચે કરે છે.

હરિઃ ૐ હરિઃ ૐ હરિઃ ૐ

## પ્રસંગ બીજો

તા. ૬–૯–૧૯૮૦ શનિવાર શ્રાવણવદ બારશ ૨૦૩૬

સ્થળ : સરદારનગર, ભાવનગર.

આજે સવારે નિયમ મુજબ વ્યાયામ કરી માતાજીને

સ્નાન કરાવી કંઇક આપે છે. દવા પણ આપે છે.

સાડા આઠે દ્વાર ખુલે છે. પૂ. શ્રી છેક નવ વાગ્યે બહાર આવે છે. દૂધ પી લે છે. એટલામાં તો સાડા નવ થઈ જાય છે. પૂ. શ્રી માળા લઇને માતાજીના રૂમમાં આંટા મારે છે. માતાજી જાગે છે, વાતો શરૂ થાય છે. પૂ. શ્રી આગ્રહ કરી કરીને કંઈક ને કંઇક માતાજીને પ્રેમથી ખવડાવે છે. આજે ઘણા દિવસે પૂ. શ્રી આવેલા પત્રો પર ૧૦ મિનિટમાં નજર નાખી દે છે. દશ જ મિનિટ આરામ કરે છે, ત્યાં ડોકટર આવી જાય છે. આ બધો એક સરખો દરરોજનો ક્રમ છે.

આજે માતાજી ખીચડી કે ભાત કશું જ ખાવાની ના પાડે છે. પૂ. શ્રી સાથે અમે ખીચડીનું ભોજન લઇએ છીએ. આજે માતાજી સતત આંખ મીંચીને શાંતિથી પથારીમાં સૂઇ રહ્યાં છે. જેથી પૂ. શ્રી આજે વળી ભોજન બાદ થોડું બહાર બેઠા છે. સામે શ્રી નારાયણભાઈ, સરસ્વતીબેન, શ્રી હરિશ્ચંદ્રભાઈ તથા આનંદીબેન તથા અજય બેઠા છે. પૂ. શ્રી, શ્રી જીતુભાઈ ગાંધીને યાદ કરે છે. પોતાના નિયમોની વાતો કરે છે. સૌથી વધુ આરામ સૂરતમાં મળે છે. એની પણ વાતો કરીને પોતે માંદગીમાંથી બેઠા થઈ શકયા તે સર્વેશ્વરીમાને લીધે એવી વાતો કરે છે.

કોઇ દિવસ એવો નથી જતો જ્યારે પૂ. શ્રી એ સર્વેશ્વરીની કોઇપણ રીતે પ્રશંસા ન કરી હોય. દરરોજ જ કોઇને કોઈ ભકત આગળ પોતે જોઈ રહેલા સદ્ગુણની વાત કર્યા જ કરે છે. આજકાલ પૂ. શ્રીનું અંતર કંઈક સંતોષ ને પ્રસન્નતાનો અનુભવ કરતું હોય એવું જણાય છે. સર્વેશ્વરી જે રીતે માતાજીની સેવા કરે છે, તે જોઇને તેઓ તેની પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી.

ગઈ કાલે સાંજે મણિનગરથી પૂ. શ્રીના બેનના જમાઈ-



રાજ અહીં મળવા આવ્યા. પોતાનો હક છે એમ સમજીને શ્રી નારાયણભાઈને કહેવા લાગ્યા કે આ ભાઈ આવ્યા છે એમ મહાત્માજીને કહી આવો. એટલે મને તરત જ અંદર બોલાવશે. તો નારાયણભાઇ કહેવા લાગ્યા કે હમણાં માતાજીની તબિયત સારી નથી અને તેઓ હમણાં જાજરૂમાં બેઠાં છે." તો તે ભાઇ કહે, "તમે મને નથી ઓળખતા ?" આ વાત જ્યારે પૂ. શ્રીએ જાણી ત્યારે પૂ. શ્રીએ ખૂબ સ્પષ્ટ રીતે કહ્યું, "બહાર બેસાડો. હમણાં અમે આવીએ છીએ." એના અનુસંધાનમાં આજે સવારે પૂ. શ્રી મને કહેવા લાગ્યા કે સગાંઓ કેવો હક જમાવીને જાણે મળવા આવે છે ? મારે શું એમની સાથે ? હું તો મહાત્મા છું. ચારુલફ્લેટસમાં પણ બપોરે આરામનાં સમયે જ જાણી જોઇને મળવાઆવતા ને ? દર્દી આરામ કરતા હોય તે જાણે છતાં હક સમજીને સૌ વર્તન કરતાં ખરું ને !

આ મહાપુરુષ પોતે કેટલા તટસ્થભાવે સૌને જુએ છે. એકવાર ત્યાગ થયો પછી દરેક એમની દૃષ્ટિએ સમાન છે.

આજે સાંજે ૬ વાગ્યે બે ડોકટરો વારાફરતી આવીને માતાજીને તપાસી ગયા. આજના બન્ને ડોકટરો નવા હતા, છતાં બન્ને પોતાની આગવી પ્રતિભા ધરાવતા હતા. એ તપાસમાં સાત વાગી ગયા. આજે પૂ. શ્રીના જૂના અનન્ય એકનિષ્ઠ ભક્ત શ્રી ભાઇલાલભાઈ પોતે પણ અહીં આવ્યા હતા.

સાતને વીસ મિનટે આજનો કાર્યક્રમ શરૂ થયો. ગઇકાલે પ્રવચનો પૂરાં થયાં હતાં. એટલે આજે સત્સંગની પ્રશ્નોત્તરીની એ બેઠક હતી. પ્રશ્નો ઘણા આવી ગયા હતા તે કાગળ પૂ. શ્રીને આપવામાં આવ્યા. શ્રોતાઓએ પ્રશ્નો લખીને પૂછ્યા હતા.

પ્રશ્નઃ-નવાહ્ન મંત્ર કરું છું પણ જવારા વાવતી નથી.

મંત્રમાં ચિત્ત સ્થિર નથી થતું, તો શું કરવું ?

પૂ. શ્રી પ્રશ્નોત્તરી શરૂ કરતાં પહેલાં બે શ્લોકો બોલે છે. પછી ઉત્તરો આપવાનું શરૂ કરે છે.

પૂ. શ્રીઃ-તમે જવારા ન વાવો તો જેનો મંત્ર છે તેને ખોટું ન લાગે.

સંસારની ઉપાધિને લીધે પણ મંત્રજપમાં ઉદ્વેગ રહે. મંત્ર મોટેથી જપો. વચ્ચે વચ્ચે શ્વાસને રોકો. હોઠ હલાવીને જપો. તો સ્થિરતા રહેશે.

પ્રશ્નઃ યોગસાધના શરૂ કરી ત્યારથી પહેલાં જેવો ભક્તિભાવ જાગતો નથીઃ તો એ બન્નેનો સમન્વય કઇ રીતે કરવો ?

પૂ. શ્રીઃ-ઘણા માણસો ભોજનમાં લાડુ ને રોટલીનો સમન્વય કરે છે. તેમ યોગને ભક્તિનો સમન્વય થઇ શકે છે. નિર્વિકાર ધ્યાન કર્યા પછી થોડીવાર જપ, પ્રાર્થના કરો. વળી શાંત બેસવાનું રાખો, બન્નેનો આનંદ માણો.

પ્રશ્નઃ-યોગીઓ પોતાની ધ્યાનસાધનામાં જ આરામ મેળવી લેતા હોય છે તો મને તો એવો આરામ મળતો નથી, તેનું શું કારણ ?

પૂ. શ્રીઃ-યોગીઓ સમાધિમાં દેહભાન ભૂલે ને મનના લયની અવસ્થામાં તેઓને માનસિક આરામ મળી જાય છે. શરીરને લાંબુ કરવાની જરૂર પડતી નથી. મન પ્રસન્નતા ને શાંતિનો અનુભવ કરે છે.

પ્રશ્નઃ-હું દરેક ચક્રમાં માનસિક પૂજા કરી વારાફરતી દરેક ચક્રનું ધ્યાન ધરું છું તો એ બરાબર છે કે કેમ ?

પૂ. શ્રીઃ-આ વાત મને પૂછો છો એના કરતાં તમારા આત્માને પૂછો. તમને શંકા રહે છે તો જ તમે મને પૂછો છો ને ? વળી મને પૂછો છો માટે કહું છું કે મને એ ચક્રભેદનમાં રસ નથી; જગતનું જે આ ચક્ર છે તેના ભેદનમાં



જ મને રસ છે. એક પરમાત્માનું શરણ લો, પરમાત્માને પકડો એટલે બધા ચક્રો ઊઘડી જશે.

પ્રશ્નઃ-સત્સંગ કે કીર્તનમાં ભાગ લઇએ ત્યારે હૈયું ભરાઈ આવે છે, તો શું સમજવું ?

પૂ. શ્રીઃ-હૈયું ભરાઈ જાય છે તો ભરાવા દો. તમે વધુ લાગણીશીલ બન્યા છો એવું માની શકાય. તો હૈયું હવે ખાલી કરો. ગદ્ગદ્ હૈયું બને છે તે યાદ રાખીને તેવું જીવન જીવવાનો સંકલ્પ કરવો; તો ભાવવિભોરતાનો લાભ લઈ શકાય

એક માજી દરરોજ કથા શ્રવણ કરે ને કથાકાર સામે ટગર ટગર જોયા કરે ને સતત આંસુ સારે-કથાકારને થયું આજ સાચા શ્રોતા છે. છેલ્લે દિવસે કથાકાર માજીને કહેવા લાગ્યા, તમને કથાશ્રવણથી અશ્રુપાત થાય છે તો સાચે જ તમે ખૂબ બડભાગી છો. તો માજી કહે, " હું બડભાગી નથી, મને તમને જોઇને ઘણાં વરસ પહેલાંનો પ્રસંગ યાદ આવે છે, મારી ભેંશનો એક સરસ પાડો હતો તે તમારી જેમ જ મોટેથી બરાડા પાડી પાડીને મરી ગયો. તો મને તમને જોઇને એ પાડો યાદ આવે છે કે તમે મોટે મોટેથી કથા કરો છો તો તમારી દશા પેલા પાડા જેવી ન થાય, તે વિચારે મને રડવું આવે છે. ( હસાહસ થાય છે. )

પ્રશ્ન :-ઈશ્વરના દર્શન માટે કોઇ વિધિ વિધાન હોય તો જણાવશો ?

પૂ. શ્રી : ધ્યાન, પ્રાર્થના કરો. જીવન નિર્મળ કરો, ધમપછાડા ઓછા કરો, સદાચારી બનો.

જૂઓ કબીરે કેટલી સરળ ને સહજ સાધના બતાવી,

ઘટ ઘટ મેં વોહી સાંઇ રમતા,
કટુક વચન મત બોલ રે.

અમારા ઋષિકેશમાં મુંબઈથી એક ભાઈ મને મળવા આવ્યા, મારી સાથે તે ભણવામાં હતા. મને કહે, "તમારો શિષ્ય બતાવો. મેં કહ્યું, " આ કાંઇ શિષ્યો બનાવવાનું કારખાનું થોડું છે ? " તો તેણે બીજા ગુરુ કર્યા. તે ગુરુએ આ ભાઈને લૂંટી લીધા જેથી રડતા મારી પાસે આવ્યા. મેં તે ભાઇને અન્ય જગ્યા બતાવી, પણ તે ભાઈ સંન્યાસી બનવા કેમ તૈયાર થયા તો જાણવા મળ્યું કે તે પ્રોફેસર ભાઇના ઘરે એકવાર ભોજનમાં કઢીમાં મીઠું વધારે પડી ગયું હતું, તેમાંથી બોલચાલ થઈ ને આ ભાઇને સંન્યાસ લેવાની ઇચ્છા થઈ. બોલો આ વૈરાગ્ય થયો તે સાચો ? નહીં, એ તો કઢીનો વૈરાગ્ય. જો કઢી ફરી બરાબર બને તો સંસાર ગોળ જેવો પાછો ગળ્યો લાગે. અન્નક્ષેત્રના રોટલા ખાઇને કંટાળ્યા, ફરી ઘરે ગયા. કારણ જ્ઞાનયુકત વૈરાગ્ય ન હતો ને !

પણ આ બધું કટુ વચનમાંથી થયું. મધુર બોલો. કટુક વચન મત બોલ રે–કેટલી સીધી વાત છે. નિંદા ન કરો, દાન કરતાં શીખો. "

એક સાધુ મારી પાસે આવ્યા, રડે, કહે અલ્હાબાદ જવું છે પણ ભાડાના પૈસા નથી, સંસારીઓ પાસે માંગવા નથી. તમે આપો તો સારુ !" મારી પાસે ફકત ૭૦ રૂા. હતા, મેં બધાજ આપી દીધા. તેઓ ગયા ને આ બાજુ બીજે દિવસે કોઈ અજાણ્યા ભાઇએ મને ૫૦૦ રૂા. નો મનીઓર્ડર મોકલ્યો. બોલો કોઈ બેન્ક આટલું વ્યાજ આપે ? હું તો એ રીતે જ્યાં યોગ્ય લાગે ત્યાં આપ્યા કરું છું, દાનનું સત્કર્મ હમણાં જ ગરીબ બાળકોને ફી મોકલીને કર્યું, મારી રીતે કર્યાં કરું છું. "

" ધર્મ જ આપણી રક્ષા કરે છે. "

આજે પ્રશ્નો ઘણા હતા. જવાબો ઘણા આપ્યા પણ તે

( અનુસંધાન પાના ૧૬ ઉપર )



# અમારી વિદેશયાત્રા

નારાયણ હ. જાની

કેલિફોર્નિયાના લોસ એન્જેલેસના સાન્ટા આનામાં શ્રી ભગવાનજીભાઈ ભક્તને ત્યાં આવતાં પહેલાં પૂ. મા શ્રી સર્વેશ્વરીએ અને મેં ધારેલું કે અહીં પૂ. માને મોટા ભાગે આરામ મળશે અને સત્સંગ ગોઠવીશું તોપણ ખાસ માણસો આવશે નહિ, કારણ કે પૂ. શ્રી યોગેશ્વરજી સાત વર્ષ પહેલાં અહીં આવેલા, તે પછી પૂ. મા પહેલીવાર જ આવતાં હતાં. વળી તેઓને ઉપવાસો ચાલુ હોવાથી સત્સંગ માટેની બહાર બેઠકો પણ ગોઠવી શકાય તેમ ન હતું. તે માટે ખાસ કોઈ પ્રચારેય કરવામાં આવ્યો ન હતો.

છતાં "ધાર્યું ધરણીધરનું થાય" એની પ્રતીતિ અમને બીજા દિવસે જ થઇ ગઈ.

અમારો ઉતારો શ્રી ભગવાનજીભાઇની એલોહા મોટેલમાં હતો, પરંતુ સત્સંગની બેઠકો માટેની પસંદગી એમના આવાસના મુખ્ય ઓરડા ઉપર ઊતરી હતી. એમાંનું બધું ફર્નિચર ખસેડી, પૂ. માની બેસવાની સરસ બેઠક તૈયાર કરવામાં આવી હતી. વળી પૂ. માના લાંબા ઉપવાસોને લીધે તેઓ સખત બેઠક ઉપર બેસે તો તેમની ચામડી છોલાઈ જતી. તેથી શ્રી ભગવાનજીભાઇ તથા તેમનાં ધર્મપત્ની શ્રી કંચનબેને આ બેઠક બને તેટલી સુંવાળી ને પોચી ગોઠવવાની પૂરી કાળજી લીધી હતી. આ દંપતિને પૂ માના આવવાનો એટલો બધો આનંદ અને ઉત્સાહ હતો કે તેઓએ પોતાની ધંધાકીય ને ઘરની બધીજ જવાબદારી અન્ય સ્નેહીઓ ઉપર નાખી, પૂ. માની સેવા ને સત્સંગનું આયોજન એ બે વસ્તુઓ

પર જ પોતાનું સર્વ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એ માટેની સરસ વ્યવસ્થા પણ ગોઠવી હતી.

અહીં આવ્યા પછી ત્રીજા દિવસથી પૂ. માએ પૂ. શ્રી યોગેશ્વરજીએ ગુજરાતી કાવ્યમાં અનુવાદ કરેલ રામચરિત માનસનું ગાન કરવાનો પ્રારંભ કર્યો. આ એક પરદેશની ધરતી ઉપર નવો પ્રયોગ હતો. ભારતમાંથી આવતા કથાકારો રામાયણની કથા તો અહીં કદીક કરતા, પરંતુ પૂ. માનો સમૂહ રામાયણ ગાનનો પ્રયોગ નવો, જેમાં દરેક શ્રોતાએ પણ પૂ. માની સાથે રામાયણ ગાવાનું. વળી વચ્ચે વચ્ચે પૂ. મા સમજાવતાં. પરંતુ હવે અહીં પરદેશની ધરતી પર રામાયણનાં પુસ્તકોની પૂરતી સંખ્યા નહિ, એટલે શું કરવું, એ પ્રશ્ન ઉપસ્થિત થયો.

પૂ. માને ખ્યાલ હતો એટલે તેઓએ કેનેડા ફોન કરી, શ્રી સુરેશભાઇ પરીખને શકય એટલાં રામાયણનાં પુસ્તકો લઇ વિમાનમાંજ આવી જવા સુચના આપી. આ રામાયણનાં બાર પુસ્તકો આવ્યાં. છતાં શ્રોતાઓની દિનપ્રતિદિન વધતી સંખ્યા માટે આખા રામાયણ પુસ્તકની પચ્ચીસ જેટલી ઝેરોક્ષ નકલો ઘણો ખર્ચ કરી શ્રી ભગવાનજીભાઇએ કઢાવી લીધી. પરિણામે જે શ્રોતાઓ આવતા તે સહુને પૂ. મા સાથે રામાયણના કાવ્યગાનનો અદ્દભુત લાભ પ્રાપ્ત થયો. રોજના બે કલાક પ્રમાણે સતત પંદર દિવસ સુધી આ કાર્યક્રમ ચાલુ રહ્યો. એ માટે કેટલાક શ્રોતાઓ પચાસ પચાસ માઇલ દૂરથી આવતા. કોઇ કારણવશાત્ કોઈને એકાદ દિવસ આવવાનું ન બની શકતું તો તેને દુઃખ થતું; એવો અદ્દભુત હતો પૂ. માના મુખે ગવાતા એ રામાયણ કથાનો રસાસ્વાદ.

એ કથામાં ૭૯ વર્ષની વયના એક શ્રી ગોરધનદાદા પણ આવતા. તેઓએ એક દિવસ સિવાય આ રામાયણની આખી



કથા ગાઇ ને સાંભળી. એના પરિણામે એમને ખૂબ આનંદ થયો. તેઓએ રામાયણની કથાની પૂર્ણાહુતિ પછી શ્રી ભગવાનજીભાઈ અને શ્રી કંચનબેન ભક્ત તરફથી ખાસ યોજાયેલ ભોજન સમારંભમાંય ભાગ લીધો. અને ત્રણ દિવસ પછી તેઓનો હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસ થયો. તે પહેલાં તેઓએ પોતાના આ આનંદની ને મનને ખૂબ શાન્તિ થયાની વાત દૂર વસતા પોતાના શ્રી કરસનભાઇ ભકતને ફોન પર કરી, ત્યારે તેઓને પોતાને પણ ખ્યાલ નહિ કે તેઓનો સ્વર્ગવાસ તે પછીના થોડા કલાકોમાં જ થશે ! પૂ. માએ રામાયણના ઉત્તરકાંડને જે રીતે સમજાવ્યો, તેનાથી મોટાભાગના રામકબીર ભકત સમાજનાં ભાઇબહેનોને ધર્મ પ્રત્યેનો એક નવો વિશાળ અભિગમ પ્રાપ્ત થયો.

શ્રી ભગવાનજીભાઈ ભક્તના ઘરમાં પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની ઉપાસના ને પૂજા થતી. તે સાથે મહાત્મા શ્રી યોગેશ્વરજીના મોટા સ્વરૂપની પ્રતિકૃતિ પણ હતી. આ બન્ને મહાપુરુષોનાં સ્વરૂપોમાં પ્રાણપ્રતિષ્ઠાની ષોડશોપચાર પૂજા પૂ. માએ પોતાની હાજરીમાં કરાવી, એ તે ધર્મનિષ્ઠ દંપતિના જીવનનો યાદગાર પ્રસંગ બની ગયો, કારણ કે આવી શાસ્ત્રોકત વિધિવાળી પૂજા એમના જીવનની પ્રથમ ઘટના હતી.

પૂ. માની સાધનાની દૃષ્ટિએ પણ લોસ એન્જેલેસનો નિવાસ ઘણો સારો રહ્યો. પૂ. માને દિવ્ય પ્રકાશનું દર્શન તો બીજા દિવસે જ થયું. જાણે પૂ. ગુરુદેવ સૂચવવા માગતા હોય કે “ તમે ભલે અહીં આવ્યાં. અમે તમારી સાથે જ છીએ. ” એ દર્શનનો આનંદ અનેરો હોય છે. એનાથી મન સાહજિક આનંદપૂર્ણ પ્રસન્નતા અનુભવે છે.

પૂ. માના ઉતારાના ઓરડામાં હનુમાનજીના સ્વરૂપની એક સુંદર તસ્વીર દિવાલ ઉપર તેઓશ્રીના પલંગની સામે

ગોઠવેલી હતી. સવારે સ્નાનવિધિ પતાવી પૂ. મા પોતાના નિત્યપાઠ, સ્તવન, જપ કરી રહ્યાં હતાં. સવારે લગભગ દસનો સમય થયો હતો. પૂ. મા સંપૂર્ણ જાગૃત અવસ્થામાં હતાં. જપ કરતાં કરતાં એમની નજર સહજ રીતે હનુમાનજીના એ સ્વરૂપ ઉપર ગઈ, તો તેમના આશ્ચર્ય વચ્ચે તે આખું શરીર તેજસ્વી ને ચેતનવંતુ થવા લાગ્યું. ને એમની સામે ફરી હલન ચલન કરવા લાગ્યું. થોડીવાર પછી તે સ્વરૂપ આખું બદલાઈને નાના સ્વરૂપમાં ગણપતિ જાણે પૂંઠ ફેરવી બેઠા હોય તેવું સ્પષ્ટ દેખાયું.

આ દૃશ્ય થોડીવાર ટક્યું ને થોડી વાર પછી તે આખું સ્વરૂપ મા જગદંબાના તેજસ્વી રૂપમાં ફેરવાઇ ગયું. તેણે લાલરંગની ટપકાંવાળી ચૂંદડી ઓઢેલી ને માથું પણ ઢાંકેલું. બન્ને હાથ વડે જાણે મટકી પકડવાનો અભિનય કરતાં-લટકાળી ચાલ સાથે તેઓની સામે ચાલીને આવ્યું ને પછી અદૃશ્ય થઇ ગયું.

આ ઉપરાંત ગુરુલીલામૃતનો પાઠ કરતાં કરતાં તેઓને તેના ૫૦ મા પૃષ્ઠ ઉપર પૂ. શ્રી ઊભા હોય એવું સુસ્પષ્ટ દર્શન થયું. આ દર્શન અચાનક થયું. લાગ્યું કે પૂ શ્રીને લીલામૃતનો રોજ રોજ કરાતો પાઠ ગમે છે કદાચ એ એનું સૂચક હોવું જોઇએ.

આવા દિવ્ય અનુભવો પૂ. માને અહીંના રોકાણ દરમ્યાન થતા રહે છે. એથી એમનો ઉત્સાહ ને પ્રસન્નતા વધી રહ્યાં છે. આમ છતાં પૂ. મા કહેતાં રહે છે, “ આ બધાં સાધનાના માર્ગે આવતાં ફ્લેગ સ્ટેશનો જેવાં છે. આપણું લક્ષ્ય તો હજી દૂર છે. એટલાથી સંતોષ માની બેસી ન રહેવાય. નહિ તો વિકાસ અટકી જાય. જે સાધકો આવાં થોડાં દર્શનોને સાધનાની પરિસમાપ્તિ માની લે છે, તેઓ પ્રભુના પ્રત્યક્ષ



દર્શન, સ્પર્શન, વાતચીત અને ઇચ્છિત દર્શનના આખરી તબક્કા સુધી પહોંચી શકતા નથી. એટલે આવી અનુભૂતિ મળે કે ન મળે, પણ સાધનામાં ઉત્સાહપૂર્વક લાગી રહેવું જોઇએ. તોજ પ્રભુની પરમકૃપા આ જન્મમાંજ પ્રાપ્ત થઇ શકે. ”

અહીંના સત્સંગનો સમય બપોરના બે પછીનો છે. એટલે એમાં જોડાનાર ભાઈ બહેનોને ઘરેથી પરવારી બે પહેલાં આવી જવાનું હોય છે. પહેલા દિવસથી જ બેઠકખંડ ભરાઈ જાય છે એટલે શ્રી ભગવાનજીભાઇએ બીજા રૂમમાં ટી. વી. ગોઠવીને ત્યાં બેઠાં પણ પૂ. માનું દર્શન થઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવી છે.

અમે પણ અમારું ભોજન બપોરના બાર–સાડાબાર સુધીમાં પતાવી દઇએ છીએ. તે પછી ઘરના સભ્યો પણ પોતાનું ભોજન પતાવી સત્સંગની બેઠકની તૈયારીમાં લાગી જાય છે. શ્રી ભગવાનજીભાઇ પોતાનો વિડીઓ કેમેરા ગોઠવી દે છે, જેથી બેઠકખંડમાં લોકો બેસી જાય પછી ગોઠવણી કરતા તકલીફ ન પડે. આમ કરવામાં તેમને ઘણીવાર પોતાનું બપોરનું ભોજન જતું કરવું પડે છે. ઘણીવાર છેક રાત સુધી તે લંબાઈ જાય છે.

રામાયણની પારાયણ પંદર દિવસે પૂરી થાય છે. આ સત્કર્મ નિમિત્તે શ્રી ભગવાનજીભાઈ ને કંચનબેનને બધાંને ભોજન કરાવવાની ઇચ્છા થાય છે. તેઓ ગુરુપૂજનના દિને બધાંને લાડુનું મિષ્ટ ભોજન જમાડે છે. પરદેશની ધરતી ઉપર પોતાના ઘરે આવું ધર્મકાર્ય થયાનો તેમને આનંદ છે.

પૂ. મા મને અને મારાં પત્નીને સૂચના આપે છે કે “ અહીં આવ્યાં છો તો જે જે સારું છે, તે જુઓ. ” એથી અમે એક દિવસ શ્રી ભારતીબેન સાથે ડીઝનીલેન્ડ જોવા જઇએ

છીએ. આ વખતે અમદાવાદથી આવેલ જયાબેન પણ અમારી સાથે છે.

બાળકો જ નહિ પરંતુ મોટેરાઓને પણ આનંદ આપે, એવી આ વિશ્વવિખ્યાત જગ્યાની અમે મુલાકાત લઈએ છીએ. એક બંધ થિએટરમાં ચાઈનાલેન્ડની થ્રી ડાયમેન્શનની ફિલ્મ અમે જોઇએ છીએ. વિજ્ઞાનની અજબ ગજબની કરામતોથી ભરેલાં આ દૃશ્યો માણસને હેરત પમાડી દે એવાં છે. ‘સ્પેસ’ (અવકાશ) માં કેવી રીતે અવકાશયાનો કામગીરી કરે છે, તે પણ અમે જોયું. અહીં ભિન્ન ભિન્ન રાઈડો છે, તેમાં સબમરીનની સફર પણ છે. અમે પાણીની નીચે ચાલતી સબમરીનની, તેમજ સમગ્ર ડીઝનીલેન્ડનું દર્શન કરાવતી ટ્રેઈનની સફર પણ માણીએ છીએ. દુનિયાભરના વિવિધ લોકોનાં દૃશ્યો રજૂ કરતી ‘It is a small world’ નું દર્શન અમે હોડીઓમાં બેસી, પર્વતની ગુફાઓમાં જાણે પ્રવેશતા હોઇએ–એ રીતે હોડીઓમાં બેસી કરીએ છીએ.

આ બધાંનું દર્શન કરતાં થાય છે કે વિજ્ઞાનની મદદ વડે, વિપુલ ધનરાશિ ખર્ચી અહીં મનોરંજનની કેવી કેવી કરામતો ખડી કરવામાં આવી છે. માનવના મનને ઉત્તેજિત, ઉત્સુક ને આનંદિત રાખવા માટે પૈસા ખર્ચવામાં આ લોકોએ પૂંઠ વાળી જ નથી. એનાથી બાળકો ખૂબ આનંદ પામે, એને ઘણું ઘણું નવું જાણવા મળે, એની જિજ્ઞાસા ઉત્તેજિત થાય ને ભવિષ્યમાં તેની જાણકારી પ્રાપ્ત કરી તે જીવનનાં ક્ષેત્રોમાં આગળ વધે; એવા શુભ આશયો છતાં મારા જેવાને લાગ્યું કે એનો આનંદ કેટલો? કયાં સુધી ટકનારો?–જુઓ, ત્યાં સુધી જ.

અમેરિકા, કેનેડા, અને પશ્ચિમના બીજા દેશોમાં ૬૫

(અનુસંધાન પાના પર ઉપર)



# માતૃવંદના

તંત્રી

તા. ૪ ઓકટોબરે પ. પૂ. માતાજી જયોતિર્મયીની પુણ્યતિથિ છે, તે પ્રસંગે તેઓને શ્રદ્ધાંજલિ અર્પવાની ઇચ્છા પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સર્વે ભક્તો અને અનુયાયીઓને થાય એ સ્વાભાવિક છે.

અમે પરદેશોમાં અમેરિકા, કેનેડા અને ઇંગ્લેન્ડમાં જોયું કે એ મહાપુરુષના અનુયાયીઓ જયારે જયારે પૂ. ગુરુદેવ કે મહાત્મા યોગેશ્વરજીની જય બોલાવે છે, ત્યારે ત્યારે સાથે પૂ. માતાજી જયોતિર્મયીની જય પણ અવશ્ય બોલાવે છે. સંભવ છે કે બીજાઓ એમને વાર–કે પર્વના દિવસેજ યાદ કરતાં હશે, પરંતુ પૂ. શ્રીના આ ભક્તો તો પૂ. માતાજી જયોતિર્મયીનો જયઘોષ પોકારી પોતાની શ્રદ્ધાંજલિ–હરેક સત્સંગની બેઠકમાં અર્પતા જ રહે છે. એક સંતપુરુષની જનેતા તરીકેનું આ એમનું કેવું સરસ સૌભાગ્ય એટલેજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાની અંજલિ આપતાં ગાયું છે કેઃ–

લાડકવાયા પુત્રરત્નને પ્રભુ પંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા,
જય જય જય જયોતિર્મયી માતા.
દેવ પ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજયાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધાદીપ પ્રકટાવ્યા.
જય જય જય જયોતિર્મયી માતા.
વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં,

જય જય જય જ્યોતિર્મયી માતા વંદુ માત ભવાની.
પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને ભવનાં બંધન ટાળ્યાં,
જય જય જય જ્યોતિર્મયી માતા.

એ માતાના ત્યાગના પરિણામે આજે સંસારના અનેક જીવો પ્રભુપંથે પળ્યા છે, શાન્તિ પામ્યા છે. આનાથી વિશેષ ધન્યતા એ માતાને માટે બીજી શી હોઈ શકે ? એ માતાનાં શ્રી ચરણોમાં અમારા કોટિ કોટિ પ્રણામ.

---

( અનુસંધાન પાના ૮ નું ચાલુ )

મહત્ત્વના ન હતા, જેથી પૂ. શ્રીએ પણ આવતીકાલથી સેન્સર કરીને ઉત્તરો આપીશું એમ જણાવ્યું.

આઠ વાગી ગયા, જેથી "પ્રભુ મને પાળજે રે...ભજનની એક લીટી ગવડાવી, માઇક સર્વેશ્વરી તરફ મોકલાયું જેથી આખું ભજન સર્વેશ્વરીએ ગવડાવ્યું. શાંતિમંત્ર બોલી બેઠક પૂર્ણ થઈ.

આજે બે નવા ડોકટરોએ વિઝિટ લીધી જેમાં જુદા જુદા અભિપ્રાયો આપ્યા. માતાજીને જે ઈંજેકશન ઉપર દુઃખાવો શરૂ થયો છે તે અંગે કાપ મૂકવાની વાત કરી.

આજે ડોકટરો સાડા આઠે ગયા. પૂ. શ્રીએ માતાજીને દૂધ આપી દીધું. પોતે થોડું અલ્પાહાર જેવું લઈ લીધું, આવતીકાલથી રાત્રે ન ખાવું એવું વિચારવા લાગ્યા. મોડું ખૂબ થાય છે, ને આરોગ્યની દૃષ્ટિએ મોડું ખાવું યોગ્ય નથી, એટલે કાલથી વિચારીશું એમ કહેવા લાગ્યા.


## * અમૂલ્ય તક ચૂકશો નહિ *

આ વર્ષે આપના ૬ વર્ષીય રાષ્ટ્રીય બચતપત્રો પાકે છે?

પાકવાની તારીખ ચકાસો

મુદતના દિવસે જ આપના રોકાણની બેવડી રકમ મેળવી પુનઃરોકાણનું આદર્શ આયોજન કરો.

હવે તો આપ કરરાહત માટે શ્રેષ્ઠ વળતર આપતાં શ્રેષ્ઠ રોકાણનું શ્રેષ્ઠ આયોજન પસંદગીપૂર્વક કરી શકશો. આ રહી આપની પસંદગી માટેની યોજનાઓ :

છ વર્ષીય રાષ્ટ્રીય બચતપત્ર (શ્રેણી ૬)
(વાર્ષિક ૧૧% ચ. વૃ. વ્યાજ)

જાહેર ભવિષ્યનિધિ
(વાર્ષિક ૧૨% સંપૂર્ણ કરમુક્ત ચ. વૃ. વ્યાજ)

રાષ્ટ્રીય બચત યોજના
(વાર્ષિક ૧૧% ચ. વૃ. વ્યાજ)

જો આપને ટેકસની ચિંતા ન હોય તો પણ આપને માટે શ્રેષ્ઠ વળતર સાથે સંગીન સલામત રોકાણની યોજનાઓ તૈયાર છે. પસંદગી કરો :

ઈન્દિરા વિકાસપત્ર (પાંચ વર્ષે બમણાં)

કિસાન વિકાસપત્ર (સાડા પાંચ વર્ષે બમણાં)

માસિક આવક યોજના
(વાર્ષિક ૧૨% લેખે દર મહિને વ્યાજ)

આજે જ રાકાણ કરો. પસંદગી આપની–આયોજન આપનું–સલામત ભાવિ.

–અધિક મુખ્ય સચિવ નાણાં વિભાગ, ગુજરાત.

# અધ્યાત્મને લીધે

તંત્રી

ભગવાનની કૃપા અને પૂર્વજન્મનાં ઋણાનુબંધ કે સત્કર્મોના પરિણામે વિદ્યાભ્યાસકાળથી અમોને પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી જેવા એક મહાપુરુષનો પરિચય અને મૈત્રી મળ્યાં. બીજા સેંકડો વિદ્યાર્થીઓ સાથે પરિચય તો થયો, પરંતુ પ્રભુકૃપાથી ફક્ત એમની સાથે એ ટકી રહ્યો. વળી એક વિશેષ પ્રકારના પૂજ્યભાવ, આદર ને પ્રેમની ગાંઠ તેઓ સાથે બંધાઈ, એમાં પણ ઈશ્વરનો કોઈ ગૂઢ સંકેત જ હશે, નહિ તો એવું શી રીતે બને?

એ પ્રારંભનો મૈત્રી સંબંધ ધીરે ધીરે કરતાં એમના પ્રત્યેના પૂજ્યભાવ ને છેવટે ગુરુભાવમાં પરિણમ્યો. એને લીધે જીવનનાં પાછલાં વર્ષોમાં અમોને પ્રેમ ને વિશ્વાસ વધતાં પૂજ્યશ્રી યોગેશ્વરજીએ "અધ્યાત્મ" માસિકનું કામ ને સુકાન સોંપ્યું.

અધ્યાત્મ માસિક સાથેના સંબંધને લીધે જ પૂ. માશ્રી સર્વેશ્વરી સાથેનો અમારો સંપર્ક એકધારો બની રહ્યો ને ઉત્તરોત્તર ગાઢ બન્યો.

અધ્યાત્મના કામને લીધે જ પૂ. માશ્રી સર્વેશ્વરીને થયું કે "આ છોકરો છેલ્લાં આઠ નવ વર્ષથી મહેનત કરે છે તો ચાલો આપણે એમને પરદેશ સાથે લઈ જઈએ."

અધ્યાત્મને લીધે જ પરદેશમાં વસતા પૂ. શ્રીના ચાહકો ને પ્રશંસકો સાથે અમારો સંબંધ સ્થપાયો. અધ્યાત્મ એ માટે સેતુરૂપ બન્યું.

અધ્યાત્મના કામને લીધે જ કેટલાક ભાઈઓને અમારા પ્રત્યે એક પ્રકારનો આદરભાવ થયો. તેથી જ તેઓએ અમને સ્પોનસરશીપ પત્રો પણ મોકલ્યા ને અમારો ખર્ચ પણ ઉપાડ્યો. અમને પ્રેમપૂર્વક બધે ફેરવ્યા.



અને અધ્યાત્મને લીધે જ અમે પરદેશ આવી શકયા. માત્ર એક કે બે દેશોમાં નહિ. પરંતુ ત્રણ ત્રણ દેશોમાં ફરી, ભૌતિક વિકાસ કે પ્રાકૃતિક સૌંદર્યનાં સ્થાનો જોઈ શકયા. નવું દર્શન ને નવી દૃષ્ટિ પૂ. માના સાન્નિધ્યમાં પામ્યા.

અધ્યાત્મને લીધે અમને પરદેશોમાં પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રત્યે અખૂટ શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવ ધરાવતાં જીવંત પાત્રોનો પરિચય થયો. જે અમારા જીવનમાં પણ વણાઈ ગયાં, અમારા હૃદયમાં કાયમી સ્થાન પામી ગયાં.

અધ્યાત્મ માસિકે અમારા જીવનમાં એક નવી દૃષ્ટિ આપી. સામાન્ય રીતે લોહીની સગાઇ કે જ્ઞાતિના સગપણના બંધને બંધાયેલાંઓને આપણે આપણાં માનતા હોઇએ છીએ. પરંતુ એથી પણ ઊંચું એક સગપણ છે અને તે પ્રેમનું, "સબસે ઊંચી પ્રેમ સગાઈ"–એનો અનુભવ અમને પ્રભુએ કરાવ્યો.

અને છેલ્લે અમને એ પણ જોવા મળ્યું કે પૂ. મા શ્રી સર્વેશ્વરી કેવો નિઃસ્વાર્થ પ્રેમ આપી શકે છે જેના પરિણામે માણસોનાં મન ને જીવન કેવાં બદલાય જાય છે.

એટલે અમારાં પાછલાં વર્ષોમાં જીવનચર્યાનું એક અગત્યનું અંગ બની ગયેલ 'અધ્યાત્મ'ને અમે અમારા ગુરુની અમૂલ્ય ભેટ માનીએ છીએ, એ અમારા જીવનની સાધના ને આરાધના બની ગયું છે એથી અમે 'અધ્યાત્મને' વંદીએ છીએ.

અધ્યાત્મ, ૧૯૮૮ ના ઓકટોબરથી દસમા વર્ષમાં પ્રવેશ કરે છે. પૂ. ગુરુદેવ ને પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી આ શકય બન્યું છે. પ્રભુની કૃપાનું એમાં દર્શન થાય છે.

# શું સંન્યાસ કે ત્યાગ અનિવાર્ય છે?

પરમાર્થી

પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છા કરનાર માટે શું સંન્યાસ કે ત્યાગ અનિવાર્ય છે? અનુભવી પુરુષો ના કહે છે. અનિવાર્ય નથી. મનુષ્ય શરીર પ્રારબ્ધ કર્મનું પરિણામ છે. મનુષ્ય શરીર દ્વારા જ ઉત્ક્રાન્તિ પણ કરવાની છે અને પ્રારબ્ધ કર્મને ભોગવવાનું પણ છે. જો કર્મના સંસ્કારો એવા હોય કે સંન્યાસ લીધા વિના ચેન જ ન પડે તો સંન્યાસ અનિવાર્ય ગણાય. વિવેકાનંદ કે પરમહંસ યોગાનંદના જીવનમાં ડોકિયું કરીશું તો આ હકીકતનો ખ્યાલ આવશે પૂજ્ય યોગેશ્વરજીના જીવનમાં પણ આ જ સત્ય તરી આવે છે. સહજ ભાવે જે ત્યાગ કરે છે તે તાત્ત્વિક રીતે સંન્યાસ જ છે. ફેર એટલો જ કે સંન્યાસીએ વેશ ને નામ દીક્ષા આપનારની પ્રણાલિકા અનુસાર રાખવા પડે છે. ત્યાગીને આવું કોઇ બંધન નથી. તે સર્વ રીતે સ્વતંત્ર હોય છે. પૂજ્ય યોગેશ્વરજી એવા ત્યાગી મહાત્મા હતા.

પરમહંસ યોગાનંદજી સંન્યાસી બન્યા તે પહેલા પ્રભુ પ્રેમની તેમની અદમ્ય ઝંખના કેટલી બધી તીવ્ર હતી તેની પ્રતીતિ તેમની આત્મકથા 'યોગી કથામૃત' વાંચવાથી થાય છે. તે માટે તો સંન્યાસ અનિવાર્ય હતો. જ્યારે યોગેશ્વરજી ત્યાગી મહાત્મા હતા તેમણે સહજ રીતે ત્યાગને સ્વીકાર્યો હતો. બલકે ત્યાગ તેમનો સ્વભાવ બની ગયો હતો. તેમણે સ્વતઃ શ્રેયાર્થી બનવાનો સંકલ્પ કર્યો હતો. તેમને કોઈ સ્થૂળ ગુરુની આવશ્યકતા નહોતી. તેમનો આત્મા જ તેમનો ગુરુ હતો. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ તેમને સંસારથી વેગળા જ



રાખે છે. તેઓ આપણી વચ્ચે સંસારમાં રહેતા હતા છતાં તેમના મનમાં સંસાર હતો જ નહીં. માત્ર તેમણે સંન્યાસની દીક્ષા લીધી નહોતી એટલું જ. એમને માટે સંન્યાસ અનિવાર્ય ન હોતો.

તે જ રીતે રામકૃષ્ણ પરમહંસના જીવનમાં પણ સંન્યાસ અનિવાર્ય ન હોતો. તેઓ તો ગૃહસ્થી હતા, છતાં વિરકત હતા. ગૃહસ્થી પણ પરમાત્માનાં દર્શન કરી શકે છે એવું તેઓ કહેતા. ગૃહસ્થી પણ પ્રારબ્ધ કર્મ અનુસાર જીવન જીવીને પોતાનું શ્રેય સાધી શકે છે એની પ્રતીતિ તેમના જીવન દ્વારા થાય છે. જેઓ ગૃહસ્થી હતા ને ગૃહસ્થી તરીકે સફળતાપૂર્વક જીવન જીવી ગયા હોય અને સાથે સાથે પરમાત્માનાં મંગલ દર્શનથી ધન્ય બન્યા હોય એવા અનેક સંતો થઈ ગયા છે ને આજે પણ છે.

ગૃહસ્થીને ઘરબાર છોડીને જ પરમાત્માની ભક્તિ ને પ્રાપ્તિ કરવી પડે છે એવું નથી. શ્રીકૃષ્ણ કે શ્રીરામ ગૃહસ્થી જ હતા. ગૃહસ્થીપણુ તો પ્રારબ્ધ કર્મ અનુસાર જ પ્રાપ્ત થાય છે. સંન્યાસી થઇ ગયેલા પાછા ગૃહસ્થી બન્યા હોય તેવા અનેક દાખલાઓ પણ છે. જ્ઞાનદેવના પિતાએ સ્વામી રામાનંદને હાથે સંન્યાસ લઇ લીધો હતો છતાં સાચી સમજ પ્રગટતાં તેમને જ હાથે પાછા ગૃહસ્થી પણ બન્યા હતા. તેથી ઘરબાર છોડવાની હમેશ આવશ્યકતા નથી હોતી. ઘરમાં રહીને પણ પરમાત્માની પ્રાપ્તિ કરી શકાય છે એવું શાસ્ત્રો ને અનુભવી પુરુષો કહે છે.

ગૃહસ્થી, ત્યાગી કે સંન્યાસી સહુ માટે સામાન્ય સાધન તરીકે યોગ તથા ભક્તિને માનવામાં આવે છે. ભક્તિનું સાધન સહુ કોઇને માટે સરળ મનાયું છે. જ્ઞાનનો ઇજારો માત્ર સંન્યાસીનો જ કે ત્યાગીનો જ નથી. તે ગૃહસ્થી માટે

પણ અધિકૃત ગણાયો છે. સ્વામી પ્રકાશાનંદ સંન્યાસી હતા છતાં તેમના ગુરુ તો ગૃહસ્થી જ હતા. એક સારા વકીલ હતા. માટે જ્ઞાન, યોગ ને ભક્તિ ત્રણે સાધનો સર્વ સામાન્ય ગણાય છે. શ્રેયાર્થી પંખી સમાન છે. ભક્તિ તેનો પ્રાણ છે. જ્ઞાન તથા યોગ તેની બે પાંખો છે. પરમાત્માના ઉર્ધ્વલોકમાં ઉડ્ડયન કરવા માટે ત્રણેની અનિવાર્ય આવશ્યકતા છે. આ ત્રણેમાં કાપ મૂકનાર ધ્યેય સિદ્ધ કરી શકતો નથી. અનિવાર્ય જો કાંઈ હોય તો તે આ ત્રણે સાધનો જ છે.

આ ત્રણે સાધનોની વ્યાખ્યા પણ અનુભવી પુરુષોએ કરી જ છે. પરમાત્મા માટેનો પ્રેમ તે ભકિત છે તથા પ્રકૃતિને પુરુષનો અથવા માયા તથા પરમાત્માનો ભેદ પારખવો તે જ્ઞાન છે. એમ પણ કહેવામાં આવે છે કે પરમાત્માનો પરિચય કરવો તે પણ જ્ઞાન જ છે. પરમાત્માની બૌદ્ધિક પ્રતીતિનો પણ જ્ઞાનમાં જ સમાવેશ કરવામાં આવ્યો છે. ભકિતની વ્યાખ્યા ભગવાન શંકરાચાર્યે તો જ્ઞાનના જેવી જ કરી છે. તેમણે 'સ્વરૂપાનુસંધાનમ્ ભકિતઃ' એવું કહ્યું. એટલે કે સ્વરૂપનો પરિચય કરાવે તેજ ભકિત. તેજ રીતે યોગ એટલે પણ પરમાત્માની સાથે જોડી આપનાર પ્રક્રિયા જ. પરમાત્માનું મિલન તેજ યોગ. આ રીતે ત્રણે સાધનો ભિન્ન જણાતા હોવા છતાં એક જ ધ્યેયને સિદ્ધ કરી આપે છે. ત્રણે સાધનો સહુને માટે સુગમ છે.

ગૃહસ્થી, ત્યાગી કે સંન્યાસી—કોઈ પણ વ્યક્તિને કર્મ અનિવાર્ય છે. કર્મ કર્યા વિના કોઈ એક પળ પણ રહી શકતું નથી એ આપણા સહુના અનુભવની વાત છે. તેથી કર્મમાં કુશળતા તે યોગ એમ ગીતામાં કહેવામાં આવ્યું છે. વળી બારમા અધ્યાયમાં ભકતનું વર્ણન કરતાં એમ પણ કહ્યું કે ભકત કાંઈ માયકાંગલો ભિખારી નથી પણ તે તો



ચતુર નર છે. કર્મ બંધનરૂપ ન બને તેવી રીતે કર્મ કરવાની યુકિત તેની પાસે હોય છે. કાંટાથી કાંટો નીકળે તેમ કર્મથી કર્મ દૂર કરી શકાય. પગમાં કાંટો વાગ્યો હોય ત્યારે તેને કાઢવા માટે બીજો કાંટો વાપરવામાં આવે છે. પરંતુ એવી રીતે વાપરવામાં આવે છે કે તે કાંટો પગમાં ફરીથી ભાંગતો નથી. ખૂબ સિફતપૂર્વક તે કાંટા દ્વારા પગના કાંટાને બહાર કાઢવામાં આવે છે. તેજ રીતે યોગી સિફતપૂર્વક કર્મ કરે છે. તેણે કર્તાપણાનું અભિમાન દૂર કર્યું હોય છે. જ્યાં સુધી કર્તાપણાનું અભિમાન રહે છે ત્યાં સુધી કર્મ બંધનકર્તા બને છે. ત્યાં સુધી જ્ઞાન ને ભકિત પણ નિષ્ફળ છે. પોતે કર્તાપણાની જવાબદારી ન સ્વીકારે ને તે જવાબદારી પોતાના હૃદયમાં રહેલા ઈશ્વર પર ઓઢાડે તો કર્તાપણાનું ભાન રહેતું નથી. આ દૃષ્ટિએ જો કાંઈ આવશ્યક હોય તો તે ચતુરાઇની પ્રાપ્તિ જ છે–પછી ભલે તે ગૃહસ્થી હોય, સંન્યાસી હોય કે ત્યાગી હોય!

## પૂ. માનો કાર્યક્રમ

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી હજુ અમેરિકા અને કેનેડાની વિદેશયાત્રા ઉપર છે, તેઓનો ભારત પાછા ફરવાનો કોઈ કાર્યક્રમ હજી નિશ્ચિત નથી. તેઓ નવેમ્બરના અંત સુધી અમેરિકામાં છે હાલના તબક્કે એટલું જણાવી શકીએ તેમ છીએ. આગળ ઉપરના કાર્યક્રમની જાણ થતાં અધ્યાત્મ દ્વારા વાંચકોને તેની જાણ કરીશું.

–તંત્રી

## ✻ જીવનવીર ✻

મનને મનાવે મહેલ ! જોકે, કુટીરમાં વસતો રહે,
ઉદ્વેગ અંતરમાં છતાં, હળવે રહી હસતો રહે,
મર્દાનગીથી મૌન સેવી, ઘાવ ગોપવતો રહે,
ને, 'સમય' વરતી, ઝેરના ઘૂંટડા ગળે ઘૂંટતો રહે !

અપમાન કે અન્યાયને, સદ્ભાવથી સહેતો રહે,
વિરોધીને પણ 'મૈત્રી' ના, સૌજન્યથી મળતો રહે,
'પારસમણિ' સમજી હૃદય જ્યાં ત્યાં બધે ઘસતો રહે,
હરકોઈના દુઃખ-દર્દમાં, બનતું બધું કરતો રહે !

ને, પ્રાર્થનાભાવે પ્રભુને, સર્વ કંઈ કહેતો રહે,
શુભ-અશુભ જે-તે બધું પ્રભુચરણમાં ધરતો રહે !
એમ, ઇશના 'નિર્માણ' ની જે અદબ જાળવતો રહે,
એ વીરલો સંસારમાં, જીવન ખરું જીવતો રહે !

–રતિલાલ ભાવસાર
'કુમારગૃહ', આનંદપુરા, વડોદરા-૧



# ટેક

રાજેન્દ્ર નારાયણ જાની

મારા એક સ્નેહીના મિત્રનો વર્ષોથી એક નિયમ કે દર પુનમે પગે ચાલી અમદાવાદથી ડાકોર જાય. જાતે પંચાલ પરંતુ ભગવાન રણછોડરાય ઉપર અનન્ય પ્રેમ અને શ્રદ્ધા.

તેઓ નાના હતા ત્યારથી દર પુનમના બે દિવસ પહેલાં અમદાવાદથી નીકળી, પુનમના દિને ડાકોર પહોંચી વહેલી સવારે પ્રભુના દર્શન કરે. પછી પાછા ફરી જાય.

શિયાળો હોય કે ઉનાળો, ધોમ ધખતો તાપ હોય કે વરસતો વરસાદ, પરંતુ દર પુનમે શ્રી રણછોડરાયનાં દર્શને જવાનું એટલે જવાનું જ. એમાં વર્ષોથી કોઇ ચૂક નહિ; કોઈ સ્ખલન નહિ.

એમની વિદ્યાર્થી અવસ્થા વહી ગઈ, પછી લગ્ન કર્યું ને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા લાગ્યા. બે સંતાનો થયાં, એક પુત્ર અને એક પુત્રી. આમ ને આમ જીવનનાં ચાલીસ વર્ષો વીતી ગયાં.

પુત્ર મોટો થતાં એનું લગ્ન કર્યું. હવે તો એમની જુવાની ઢળી ગઈ હતી ને પ્રૌઢાવસ્થા વરતાવા લાગી હતી. ધીમે ધીમે ધંધાકીય જવાબદારી પુત્રે ઉપાડી લીધી, એટલે પ્રભુસ્મરણનો સમય પણ વધુ મળવા લાગ્યો. મનમાં થયું "પ્રભુએ ઉપાધિ ઘટાડી ને એને ભજવાની સાનુકૂળતા કરી આપી." આથી મનોમન એનો આભાર માનતા રહ્યા.

આમ થોડા દિવસ ઔર સુખમાં વીતી ગયા. પરંતુ એક-સરખી પરિસ્થિતિ રહે તો એ સંસાર શાનો ?

દૈવયોગે દુકાને બેસતો છોકરો માંદો પડ્યો. પ્રારંભમાં તાવની સાધારણ બિમારી એટલે યુવાનીના જોમમાં છોકરાએ માંદગીને અવગણીને એ પોતાનું રોજીંદુ કામ કરતો રહ્યો. પરંતુ આંતરિક રીતે બિમારી જોર પકડતી રહી ને દસેક દિવસ પછી છોકરો ભારે બિમારીમાં પટકાઈ પડ્યો

હવે આ ભક્તના માથે દુકાન, ઘર ને માંદાની સારવારની એમ ત્રિવિધ જવાબદારી આવી પડી. એમણે એ પ્રેમપૂર્વક બજાવવા માંડી. મનમાં થયું "જેવી રણછોડરાયની ઇચ્છા."

વધુ એક અઠવાડિયું વહી ગયું. માંદગીએ હવે ગંભીર સ્વરૂપ પકડ્યું હતું. દાક્તરી સલાહ મુજબ છોકરાને હોસ્પીટલમાં દાખલ કરવો પડ્યો. ભક્તે દુકાનનો વ્યવહાર બંધ કરી પુત્રની સારવાર ઉપર જ બધુ ધ્યાન કેંદ્રિત કર્યું. મનમાં પ્રભુસ્મરણ કરતા જાય ને પુત્રની ખડે પગે સેવા કરતા રહે. દર્દીની ગંભીર માંદગી જોઇ સગાંવહાલાં ચિન્તા વ્યક્ત કરે, તો ભક્તરાજ કહે "રણછોડરાયે ધાર્યું હશે એમ થશે ? આપણે તો સારવાર કરવાના ધણી. બાકી ચિન્તા કર્યે શું વળે ?"

પુત્રની આટલી ગંભીર માંદગીમાં પણ એમના મનની સ્વસ્થતા ને સમતા એવાં જ હતાં. એતો હસ્તેમુખે રાતના ઉજાગરા કરે ને સવારે વહેલા નાહી ધોઇ પ્રભુસ્મરણ કરતા કરતા-દર્દી પાસે હાજર થઇ જાય. મનમાં વિચારે, 'પ્રભુએ કસોટી કરવા માંડી છે. પણ એને એમ છોડી દઉં એવો કાચી માટીનો હું નથી."

એમ કરતાં કરતાં, પુનમ પાસે આવી ગઈ. મનમાં થોડી દ્વિધા થવા લાગી. એક બાજુ પુત્રની ગંભીર માંદગી, ને



બીજી બાજુ ચાલીસ વર્ષની એકધારી ટેક! શું કરવું ?

થોડા વખત માટે ડોલાચલ ચિત્તવૃત્તિ થઈ. પરંતુ આખરે એમણે નિર્ણય કરી લીધો કે જો ધાર્યું ધણીનું જ થવાનું છે તો મારે શી ચિન્તા કરવાની ?

તેરસની રાતે પત્નીને ઊઠાડી કહ્યું. "હું જાઉં છું. તમે ભાઈને સંભાળજો."

પત્ની એકદમ બેબાકળી થઇને જોઇ રહી, પછી બોલી "સ્વામી અત્યારે કયાં જાઓ છો ?"

પતિએ સ્વાભાવિક શાન્તિથી કહ્યું, "બીજે કયાં જવાનું હોય ? મારા રણછોડરાયનાં દર્શને, ડાકોર..."

"પરંતુ ભાઇની તબીયત આટલી બધી ગંભીર છે ને તમે જાશો તો..." પત્ની આગળ બોલી શકી નહિ.

પતિએ ધીમેથી કહ્યું, "તમારી વાત સાચી છે. પરંતુ હું અહીં હોઉં તોયે શું કરૂં છું ? દવા ને સારવાર તો દાકતરોની સૂચના મુજબજ થતી રહે છે. કંઇ ખાસ દવા જોઇતી હોય તો લાવી આપનારાં તો છે. પછી આટલાં વર્ષોનો મારો નિયમ...... "મારા વહાલાએ મારી કસોટી કરવા માંડી છે."

પત્ની પતિનું મન કળી ગઈ! એ તુરતજ બોલી "નાથ, તમારી વાત સાચી છે, તો તમ-તમારે જાઓ. અહીંનું તો બધું થઈ રહેશે."

પત્નીનો ટેકો મળતાં પતિએ પોતાની જરૂરી ચીજોનો થેલો ઉપાડી ચાલવા માંડ્યું. હોસ્પીટલના દરવાજા સુધી વળાવવા આવેલ પત્નીને પતિએ પાછા ફરી કહ્યું, "ભગવાન કરે ને ભાઇને કંઇ થાય તો હું એકમ પહેલાં પાછો નહિ

આવું. બધું પતાવજો..." "તમે એની ચિન્તા ન કરતા"

એ શબ્દો બોલતાં પત્નીની આંખમાંથી સરરર કરતાં બે આંસુ સરી પડ્યાં! માનું હૃદય એવી અમંગળ વાત સાંભળીને પીગળ્યા વિના થોડુંજ રહે! પરંતુ ભક્તરાજે તો "જયશ્રી રણછોડ" બોલી ચાલવા માંડ્યું.

એમની પત્ની પછી હોસ્પીટલમાં પાછી ફરી પરન્તુ બન્યું એવું કે બીજા દિવસની વહેલી સવારેજ પુત્રએ દેહ છોડી દીધો!

પત્નીને થયું કે પતિને આપેલ વચન પાળવું જોઈએ. એણે હૃદય કઠણ કરી, બધા સગાંસ્નેહીઓને બોલાવી, પુત્રની અંત્યેષ્ઠિ કરાવી.

આ હિમ્મત એનામાં ક્યાંથી આવી એની એમને ખબરેય ન પડી!

સગાંસંબંધીઓએ સ્મશાનમાં ભકતરાજની અનુપસ્થિતિ અંગે વિવિધ મંતવ્યો રજુ કર્યાં.

કોઈએ કહ્યું, "છોકરાને આવી સ્થિતિમાં તે છોડીને જવાતું હશે? આટલાં વર્ષો ગયા એમાં એક વાર ન ગયા તોપણ શું?"

તો કોઇકે વળી કહ્યું, "એમની ટેક ખરી. ટેકની કસોટી આવા પ્રસંગેજ થાયને! એમની ટેક સાચી છે એટલેજ એ આવી પરિસ્થિતિમાં પણ જઇ શકયા"

ભકતરાજે પ્રભુનાં પૂનમના દિવસે દર્શન કરતાં મનોમન કહ્યું, "પ્રભુ, અહીં આવવા માટે થોડી દ્વિધા પણ શું કામ થઇ! તમેજ જ્યારે બધું સંભાળો છો, ત્યારે મારે શરણાગતને વળી આવી ચિન્તા શાની?"



શ્રી રણછોડરાયનું નામ જપતા એકમના દિવસે ભકતરાજ પાછા અમદાવાદના ઘરે આવ્યા, તો ઘરમાં શોક ને ઉદાસીનતાનું વાતાવરણ જોઇનેજ સમજી ગયા. તેમના મુખમાંથી "જય શ્રી રણછોડ" શબ્દો સરી પડ્યા.

પત્ની અને પુત્રવધુને પાસે બોલાવી ભકતરાજે આશ્વાસન આપતાં કહ્યું, "દુઃખ ન ધરો. આખરે પ્રભુએ ધાર્યું હતું તેજ થયું છે. હું અહીં હોત તોપણ આમજ થાત. પરંતુ મારી ચાલીસ વર્ષની ટેક જાત. તમારા ટેકા વગર આ વખતે હું ટેક ન સાચવી શકત. પરંતુ રણછોડરાયે તે સચવાવી." ને ભકતરાજે બીજા દિવસથી દુકાને બેસવાનું શરૂ કર્યું. ને પુત્રના મૃત્યુ બાદ કશાજ બબડાટ કે ફરિયાદ વગર દુકાનનું કામ કરવા માંડયા. આશ્વાસન આપવા આવનાર લોકોને કહેતા, "પ્રભુ દયાળુ છે કે એણે મને પાંચ વર્ષ પેન્શન આપી, પાછો નોકરી ઉપર બોલાવ્યો છે. એટલે આ એનું કામ છે, સમજી કરૂં છું."

આજેય આ ભક્તરાજ હયાત છે. સાઇઠ વર્ષ ઉપરની એમની ઉમ્મર છે. પણ રણછોડરાયજીના દર્શને દર પુનમે પગે ચાલીને જવાની એમની ટેક એવીજ ચાલુ છે.

સંસારમાં રહ્યા છતાં આવી માનસિક વિરક્તિ ધરાવનાર માનવોજ સમાજના છૂપા રત્ન સમાન છે. એમનાથી પ્રભુ દૂર નથી.

# અમેરિકામાં ઉજવાશે પૂ. માનો જન્મદિન

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી આ વર્ષે તેઓના જન્મદિન તા. ૧૩ નવેમ્બરના રોજ અમેરિકામાં છે. આથી પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માના અનન્ય અને સેવાભાવી ભક્ત શ્રી ભગવાનજીભાઇ અને એમનાં ધર્મપત્ની કંચનબેને પૂ. માનો જન્મદિન વિદેશમાં સારી રીતે ઉજવાય તે માટે અત્યારથી આયોજન કરવા માંડ્યું છે.

પૂ. મા તા. ૭–૧૧–૮૮ થી શ્રી ભગવાનજીભાઇ ભકતને ત્યાં સાન્ટા આનામાં છે. તેમનું સરનામું અને ટેલિફોન નંબર નીચે પ્રમાણે છેઃ–

શ્રી ભગવાનભાઇ એસ. ભકત
Aloha Motel.
2409, South Main St. Santa Ana.
CA· 92707 U. S. A.
ટે. 714/545/6677 અને 714/546/3489

જન્મદિનની ઉજવણીના કાર્યક્રમ માટે ગુજરાત કલ્ચરલ સોસાયટીનો, બેલ સીટી ( લોસ એન્જેલેસ )માં આવેલ હોલ રાખવામાં આવેલ છે. તે ઉપરાંત આ ધર્મનિષ્ઠ દંપતી તરફ-થી અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ અને બીજે વિદેશોમાં વસતા પૂ. શ્રી અને પૂ. માના ભકતો ઉપરાંત, રામકબીર ભકત સમાજના ભાઈ બહેનોને પણ આ અનોખા કાર્યક્રમમાં ભાગ લેવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવી રહ્યાં છે આખા દિવસના આ કાર્યક્રમમાં પૂજન, સત્સંગ, ભજન,



ધ્યાન, પ્રશ્નોત્તરી વગેરેનો સમાવેશ થશે. ભાગ લેનાર સહુ માટે ભોજનની વ્યવસ્થા પણ તેઓના તરફથી હોલ ઉપર રાખવામાં આવી છે. અત્યાર સુધીમાં કેનેડાથી લગભગ ૨૫ જેટલાં ભાઈ બહેનોએ પોતાનાં નામ નોંધાવી દીધાં છે.

જે કોઇ ભાઈ બહેનો આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતાં હોય તેઓએ શ્રી ભગવાનજીભાઇ ભકતનો સંપર્ક પત્ર કે ટેલિફોનથી તા. ૩૧–૧૦–૮૮ સુધીમાં સાધવા વિનંતી છે.

તા. ૧૩/૧૧/૮૮ ના રોજ પૂ. મા આખો દિવસ કાર્ય-ક્રમના હોલ ઉપર હશે, તેથી તેઓનો ટેલિફોન ઉપર સંપર્ક થઈ શકશે નહિ, તેની નોંધ સાધકોને લેવા વિનંતી છે.

પૂ માનું તપ હજી એકધારૂં ચાલી રહ્યુ છે. તેઓ હાલ મહિનામાં પંદર દિવસ પાણી વગરના અને બાકીના પંદર દિવસ ફળ પર ઉપવાસો કરી રહ્યાં છે. એટલે એમને ઓછા-માં ઓછો પરિશ્રમ પડે તે જોવા સાધકોને ખાસ પ્રાર્થના છે.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# સિદ્ધદેહની પાપ નિવારણ શક્તિ

રજુઆતઃ–ઝિંઝુવાડિયા કનૈયાલાલ

એક વખત પૂ. મા સર્વેશ્વરીની ઉપસ્થિતિ કપુરામાં હતી અને બનાવના દિવસે મોટરકારમાં કપુરાથી સુરત થઈ વડોદરા પ્રયાણ કરી રહ્યાં હતાં.

સુરતમાં એક વૃદ્ધ માજી જે પૂ. માને વિદ્યાર્થીકાળથી જાણતાં, તેમને મળવા પૂ. મા ગયાં. તો પ્રેમવશ તેઓ પૂ. માના હાથ ઉપર હાથ ફેરવવા લાગ્યાં. તેમનો પ્રેમ એવો ઉત્કટ હતો કે મા શ્રી સર્વેશ્વરી તેનો પ્રતિકાર ન કરી શક્યાં.

તે વૃદ્ધ માજીને બીજો કોઈ લાભ થયો કે નહિ પરંતુ પૂ. માને સ્પર્શ કરવાનો આનંદ તો એમને જરૂરથી પ્રાપ્ત થયો હશે. આ બનાવ પછી કોણ જાણે કેમ પરંતુ પૂ. માના બન્ને હાથો ઉપર ભયંકર બળતરા ને દાહ શરૂ થઇ ગયાં. કેમે રહેવાય નહિ. બળતરા ઓછી કરવા માટે ઠંડું પાણી રેડયું. ને બરફ ઘસ્યા. કોલન વોટર પણ લગાડયું. પરંતુ બળતરા ઘણા વખત સુધી ચાલુ રહી. આખરે ઘણા સમય પછી તે ઓછી થઇ. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી કહેતા કે કેટલાક સાંસારિક માણસોના સ્પર્શથી દાહ થાય છે, તેનો અનુભવ પૂ. માને થયો.

જે વિભૂતિઓનાં અણુ–પરમાણુ જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન અને અન્ય સાધના દ્વારા પવિત્ર થઇ ગયાં હોય છે, તેમના શરીરને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ ષટ્ રિપુઓને વશ સાંસારિક મનુષ્યો જ્યારે સ્પર્શ કરે છે ત્યારે આવી વિભૂતિઓને આવાં કષ્ટો સહન કરવાં પડે છે,



જો કે આથી ભકતોને તો લાભ જ થાય છે. આ બનાવને પ્રમાણભૂત ગણતાં અન્ય વિભૂતિઓનાં જીવનમાંથી નીચેના પ્રસંગો 'મા શારદાદેવી' 'રામકૃષ્ણ પરમહંસદેવ' તથા 'મા આનંદમયીની આનંદયાત્રા' માંથી લઇ રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ કરેલ છે.

(મા શારદામણિદેવીના જીવન પ્રસંગો)

માણસોમાં કોઈ તદ્દન નિર્દોષ નથી, એમ જાણી માતાજી સૌના તરફ સમભાવ રાખતાં. એક વાર કોઇ એક ભકતના આચરણથી શ્રી રામકૃષ્ણના એક શિષ્ય એટલા ચિડાઇ ગયા કે માતાજીને તેમણે કહેવડાવ્યું કે એને પાસે ન આવવા દે. તેના જવાબમાં માતાજીએ કહ્યું કે, "મારો દીકરો ધૂળમાં રમે તો મારે એને સાફસૂફ કરીને ખોળામાં લેવો જ પડે ને!" હજારો ભક્ત એમની પાસે પોતાનાં પાપોનાં બોજાઓ લઇને આવતા. એમના સ્પર્શે માતાજીનાં ચરણોમાં અસહ્ય બળતરા થતી, પણ તેઓ મૂંગે મોઢે બધું સહી લેતાં.

એક દિવસ મુલાકાતીઓ ચાલ્યા ગયા પછી બ્રહ્મચારી રાસબિહારીએ જોયું કે માતાજી વારંવાર ઘૂંટણ સુધી પગ ધોતાં હતાં. આનું કારણ પૂછતાં માતાજીએ કહ્યું કે "હવેથી પગ પર માથું રાખી કોઇને પ્રણામ ન કરવા દેતા. એમ કરવાથી એમનાં બધાં પાપો મારામાં પ્રવેશે છે અને મારા પગમાં બળતરા થાય છે ને તરત મારે પગ ધોઈ નાખવા પડે છે; એટલા માટે તો શરીરમાં રોગ થાય છે. દૂરથી પ્રણામ કરવાનું કહેજો."

માતાજી સ્પષ્ટ જાણતાં હતાં કે પાપીના સ્પર્શથી તેમને કષ્ટ થાય પણ મા થઇ સંતાનને ચરણસ્પર્શ કરવાનો નિષેધ કેવી રીતે કરે?

* * *

એક દિવસ બ્રહ્મચારી વરદા બળતણ માટે લાકડાં વેચાતાં લેવા બીજે ગામ ગયા હતા. સાંજે જયરામવાટી પાછા ફરી એમણે જોયું કે માતાજી ઓટલા પર એક ચટાઇ પાથરી સૂતાં હતાં. બ્રહ્મચારી પાસે આવતાં જરા દિલગીર થઈ તેઓ બોલ્યાં : “તમે બધા અહીં રહો છો પણ કામકાજ માટે બહાર પણ જવું પડે છે.”

આજે એક વૃદ્ધ આવ્યો હતો. એને દૂરથી જોઇ હું મારા ઓરડામાં ખાટલા પર બેસી રહી. એણે બહારથી પ્રણામ કર્યાં ને પછી પગની ધૂળ માથા પર ચઢાવવા માટે આગ્રહ કરવા લાગ્યો. મેં સંકોચ પામીને ઘણીવાર ના પાડી પણ એ હઠ છોડે જ નહીં. આખરે એણે જોર કરી ચરણરજ માથે ચઢાવી. ત્યારથી પગમાં બળતરા થાય છે ને પેટમાં દુઃખે છે. ત્રણ–ચાર વાર પગ ધોયા પણ પગની બળતરા જતી નથી.

તમે લોકો પાસે હોત તો મારી ઇચ્છા નથી સમજી એને એમ કરતાં રોકી શકત. કેટલીય જાતના માણસો આવે તે તમે સમજી શકતા નથી. કલકત્તામાં સેવકો જેમ ભકતોની સાથે કડક થાય છે તેમ અહીંયાં પણ નહીં કરવામાં આવે તો હવે નહીં ચાલે.”

* * *

સને ૧૯૧૬માં દુર્ગાપૂજા વખતે માતાજી બેલુર મઠમાં ગયાં હતાં ને ત્યાં દુર્ગાષ્ટમીને દિવસે ઘણા ભકતોએ એમનાં ચરણોની વંદના કરી હતી. પાછળથી જોગીનમાએ જોયું કે માતાજી વારંવાર પોતાના પગ ગંગાના પાણીથી ધોતાં હતાં. તેથી તેમણે કહ્યું : “મા, આ શું કરો છો ? શરદી થઈ જશે.” માતાજીએ કહ્યું “શું કરું જોગેન ? કેટલાંક આવીને પ્રણામ કરે તો શરીર શીતળ થઇ જાય, ને કેટલાંક સ્પર્શ



કરે ત્યારે એમ થાય કે પગ પર કોઇએ દેવતા ચાંપ્યો છે. પછી ગંગાજળમાં પગ ધોયા વગર મને કળ નથી વળતી.”

* * *

કોઅલપાડાના આશ્રમમાં એક ભકતે માતાજીને સલાહ આપી કે “ભકતો સ્પર્શ કરે તેથી તમને પીડા થાય છે તો પછી સ્પર્શ કરવો જ ન જોઇએ.” માતાજી જવાબમાં બોલ્યાં : ” ના, દીકરા, આ કામને માટે જ તો અમે આવ્યાં છીએ. અમે જો પાપ અને કષ્ટો ન લઇ લઇએ, ન પચાવીએ, તો બીજું કોણ પચાવશે ? પાપી-તાપીઓનો ભાર કોણ સહન કરશે ? બધાજ ભકતોના સ્પર્શ કાંઈ ખરાબ નથી. પવિત્ર માણસના સ્પર્શથી આનંદ પણ થાય છે.”

## મા આનંદમયીમાના જીવનનો પ્રસંગ

નિર્મળાસુંદરી ‘આનંદમયીમા’ ના નામે પ્રખ્યાત થયાં ત્યારની આ વાત છે. તેઓ વિશ્રામ કરવા દેહરાદૂન આશ્રમમાં આવ્યાં હતાં. થોડા ભકતો સમક્ષ તેમણે એક દિવસ બાજિત-પુરના જીવનની વાત કાઢી:–“ભોળાનાથ (તેમના પતિ રમણી-મોહન) સાથે આ શરીર ત્યાં હતું. લોકો ત્યારે આ શરીરને સ્પર્શ કરતા. પણ તેથી એને પીડા થતી. વેદના વેઠવી પડતી. આ સ્થિતિ ટાળવા લોકોને ચરણ-સ્પર્શ કરતાં અટકાવવા પડતાં. પણ એમાં ઝાઝી સફળતા મળતી ન હતી. દોડી દોડીને લોકો ચરણ પકડી લેતાં, નમતાં, માથું અડાડતાં. આ શરીરને પછી કષ્ટ વેઠવું પડતું. નાછૂટકે અંતે કડક નિયંત્રણ મૂકાયું.

“બાજિતપુરમાં મારી પાસે એક પરિણિત નવયુવાન રોજ આવતો. એને એકે સંતાન ન હતું. એના પિતા એના પુનર્લગ્ન માટે દબાણ કરતા હતા, પરંતુ એ પોતાની એક પત્નીની હયાતીમાં બીજું લગ્ન કરવા તૈયાર ન હતો. એ નવયુવકને મારા ઉપર અતૂટ શ્રદ્ધા હતી. એને એવો

વિશ્વાસ હતો કે હું એને પુત્ર–પ્રાપ્તિ કરાવી આપીશ.”

“આવીને એ મારી પડતાલમાં બેસતો. સાધના પૂરી કરી હું ઓરડામાંથી જ્યારે બહાર આવતી, એ નીચે નમીને મારા પગ પકડી લેતો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો અને સ્પષ્ટતઃ પુત્રની યાચના કરતો. હું કાંઇ કહેતી ન હતી પણ એના સ્પર્શથી મને બહુ પીડા થતી. શરીરમાં મને દાહનો અનુભવ થતો. કોઇ પણ વ્યક્તિને મને સ્પર્શ કરવાની અનુમતિ આપવામાં આવતી ન હતી. એ સંતાનાકાંક્ષી યુવકને પણ મારો ચરણ–સ્પર્શ કરતાં રોકવાનો પ્રયત્ન કર્યો હતો પણ એમાં સફળતા મળી ન હતી કારણ કે એ ભોળાનાથનો મિત્ર હતો અને એના વર્તનને ભોળાનાથનો ટેકો હતો. એટલે એને અટકાવવાનો પ્રશ્ન જટિલ હતો. પણ રસ્તો નીકળ્યો.

એક દિ’ એવું બન્યું કે હું પૂજા કરીને ઊભી થઈ હતી કે તરત એ યુવક મારી પાસે દોડી આવ્યો. નમીને મારા પગ પકડી લીધા પણ તરત નીચે પટકાયો. બેભાન બન્યો. લાંબા ગાળા સુધી એ ભાનમાં ન આવ્યો. આથી ભોળાનાથ ગભરાઈ ગયા. એને ભાનમાં લાવવા મને આગ્રહ કરવા લાગ્યા ત્યારે એને ભાનમાં લાવવામાં આવ્યો. તેણે કહ્યું–‘ હું તો એવા આનંદમાં ડૂબી ગયો હતો જેનું વર્ણન કરી શકાય તેમ નથી.’ મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પ્રસન્નવદને ઘર ભણી રવાના થયો. એ સમયે એની પુત્રેચ્છા અતિ પ્રબળ હતી. તેથી કાળાંતરે એને પુત્ર–પ્રાપ્તિ થઈ. એ પિતા બન્યો.

## શ્રી રામકૃષ્ણદેવના જીવનનો પ્રસંગ

* * *

શ્યામપુકુરમાં અનેક પ્રકારના લોકો આવતા અને શ્રી રામકૃષ્ણના ચરણોને સ્પર્શ કરતા. પરંતુ એનું પરિણામ એ



આવતું કે અપવિત્ર મનવાળા લોકોના સ્પર્શથી શ્રી રામકૃષ્ણને વેદના વધતી. એટલે ભક્તોએ નક્કી કર્યું કે પૂરતા પરિચય વગર કોઇને આવવા દેવા નહિ, અને આવ્યા બાદ પણ ચરણ સ્પર્શ તો કરવા જ દેવો નહિ, પણ આ નિયમનું કડક રીતે પાલન ન થઈ શકતું, નવા આગંતુકોની તીવ્ર કાકલૂદીઓ કોઇ વાર આ નિયમને તોડાવતી પણ ખરી.

* * *

સને ૧૮૮૬ના જાન્યુઆરીની પહેલી તારીખ હતી. આજે શ્રી રામકૃષ્ણને જરા સારું હોવાથી બાગમાં ફરવાની તેમણે ઇચ્છા દર્શાવી. બપોર પછીનો સમય હતો. રજા હોવાથી ત્રીસેક જેટલા ગૃહસ્થ ભક્તોની સંખ્યા હતી. કેટલાક નીચેના ઓરડામાં હતા અને કેટલાક બાગમાં ઝાડ તળે ઊભા રહીને વાતો કરતા હતા. એટલામાં શ્રીરામકૃષ્ણ મેડી ઉપરથી નીચે ઊતર્યા એટલે ઓરડામાં બેઠેલા ભક્તો થોડું અંતર રાખીને તેમની પાછળ જવા લાગ્યા. ગિરીશ, રામ, અતુલ વગેરે ભક્તો ઝાડ નીચે ઊભા હતા. સૌએ ગુરુદેવને જોઇને પ્રણામ કર્યા ત્યાં તો શ્રી રામકૃષ્ણે એકાએક ગિરીશને પ્રશ્ન કર્યો : “ હે ગિરીશ! તેં મારામાં એવું તે શું જોયું છે કે બધે ઠેકાણે મને અવતાર તરીકે ઓળખાવતો ફરે છે?” પરંતુ તેથી જરાય ખચકાયા વગર ગિરીશ તો હાથ જોડીને ઘૂંટણીએ પડ્યો અને ઊર્મિથી કંપતા સ્વરે બોલ્યો : “ વ્યાસ વાલ્મીકિ જેવા મુનિઓ પણ જેના મહિમાને પામી શક્યા નથી તેના સંબંધમાં મારા જેવો ક્ષુદ્ર જીવ શું કહી શકે?”

ઊંડા ભક્તિભાવથી બોલાયેલા આ શબ્દો સાંભળીને શ્રી રામકૃષ્ણ ભાવ–અવસ્થામાં આવી ગયા અને બોલ્યા : “ વધારે શું કહું? એટલું કહું છું કે તમને સૌને મારા આશીર્વાદ છે. સૌને ચૈતન્ય થાઓ!” આટલું બોલીને તેઓ

ગંભીર ભાવ-સમાધિમાં મગ્ન થઈને ઊભા રહ્યા.

એમના શબ્દો સાંભળીને ઊભેલા ભક્તો આનંદની મસ્તીમાં આવી ગયા. ગુરુદેવને સ્પર્શ ન કરવાનો સંકલ્પ ભુલાઈ ગયો અને સો ભક્તો એમની ચરણરજ લેવાને ઊમટ્યા. એક પછી એક બધા એમને પ્રણામ કરવા લાગ્યા. ઠાકુરે પણ મન મોકળું મૂકીને સ્પર્શ કરીને સૌ ઉપર આશીર્વાદ વરસાવ્યા. તેમના આ સંસ્પર્શથી સૌ ભક્તો એક પ્રકારની અજબ અસર અનુભવી રહ્યા.

કેટલાક રડવા લાગ્યા તો કેટલાક હસવા લાગ્યા; કેટલાક ઊંડા ધ્યાનમાં ઊતરી ગયા. કેટલાકે બૂમો પાડીને પોતાના મિત્રોને બોલાવીને તેમને પણ આ તકનો લાભ અપાવ્યો. નરેન્દ્ર અને અન્ય કેટલાય યુવાન ભક્તોએ આગલી રાતે ગુરુદેવની સેવામાં અને ધ્યાનાદિમાં નિદ્રા જ નહોતી લીધી એટલે તેઓ આ વખતે નિદ્રાધીન થઈને સૂઈ ગયા હતા. લાટુ અને શરદ ગુરુદેવની પથારીને તડકે મૂકવામાં તેમ જ એમનો ઓરડો સાફસૂફ કરવામાં રોકાયા હતા. તેમણે આ બધી ધમાલ નિહાળી ખરી. પરંતુ પોતાનું કાર્ય છોડ્યું નહિ.

ધીમે ધીમે શ્રી રામકૃષ્ણ સ્વસ્થ થયા અને પોતાના ઓરડામાં પાછા ફર્યા. ભક્તોને સમજાઈ ગયું કે આજે ગુરુદેવે કલ્પતરુ થઈને કશા ભેદભાવ વિના કૃપા વરસાવી છે.

પછી સૌ પોતપોતાની અનુભૂતિ વર્ણવવા લાગ્યા. કેટલાકે કહ્યું કે પોતાને એક પ્રકારના મધુર ઘેનનો અનુભવ થયો, જ્યારે કેટલાકને પોતાના ઈષ્ટમૂર્તિનાં દર્શન થયાં હતાં. કેટલાકને પ્રકાશનાં દર્શન થયાં હતાં તો કેટલાકે એક પ્રકારનો પ્રકાશ શરીરમાં નીચેથી ઉપર ચડી રહેલો અનુભવ્યો હતો. આમ સૌએ અવર્ણ્ય આનંદ અનુભવ્યો હતો.

પરંતુ આ પ્રસંગ પછી શ્રી રામકૃષ્ણના આખા દેહમાં



દાહ ઊપડ્યો હતો. જે ગંગાજળ છાંટ્યા પછી શમી ગયો હતો.

* * *

અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે કેઃ-માતાજી (મા શારદામણિદેવી) જ્યારે ઊભાં હોય ત્યારે યોગિન મહારાજ (સ્વામી યોગાનંદ) કોઈ દિવસ એમને પ્રણામ નહોતા કરતા; પણ એ જગ્યાએથી ચાલ્યા ગયા પછી ત્યાંની ધૂળ માથે ચઢાવતા.

* * *

સંસારી માણસોએ પૂ. માશ્રી સર્વેશ્વરી સાથેના વ્યવહારમાં આ બનાવોની નોંધ લેવી જોઈએ.

સળગતા સંસારમાં શાંતિ આપનાર "હરિ સ્મરણ અને કથા શ્રવણ" એજ છે.

IS:10001

ઓ. ૨૫૬૧૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ધ. ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

# આત્મજ્ઞાની

લેખકઃ–કમલ સુથાર

( પ્રેરક-પ્રસંગ-કથા )

ભકત પુરંદર નિસ્પૃહી હતા. અનાસકત હતા. પરમવિવેકી હતા. તેમનાં ધર્મપત્ની પણ તેમનેજ અનુસરતાં. આ ધર્મ-પરાયણ દંપતીની ભકિત–સુવાસ ચારે તરફ ફેલાઇ હતી. ઘણાં લોકો તેમની પાસે સત્સંગ માટે આવતાં. બન્ને નિરાભિમાની હતાં. હંમેશાં ભગવદ્‌ભકિતમાં લીન રહેતાં.

તે સમયના રાજા હતા શ્રીકૃષ્ણ દેવરાય. તેમણે ભકત પુરંદરની નિસ્પૃહતાની અને આત્મજ્ઞાનની વાતો સાંભળી હતી. તેમના મનમાં ભકત પુરંદરની પરીક્ષા કરવાનો વિચાર જાગ્યો. એક દિવસ આ રાજાએ તેમને પોતાના મહેલમાં નિમંત્રણ આપીને બોલાવ્યા. તેમને આદરમાનથી આવકારી આસને બેસાડી નમ્રતા પૂર્વક કહ્યું :

"ભક્તરાજ, આપ અમારી આટલી ભેટ–સેવા સ્વીકારો. અને અમને ઉપકૃત કરો."

અને રાજાએ તેમને ભેટમાં થોડા ચોખા આપ્યા. જે આત્મજ્ઞાની ભકત પુરંદરે પોતાની ઝોળીમાં નાખ્યા. રાજમહેલ-માંથી તે ઘરે આવ્યા. તેમનાં પત્નીએ ઝોળીમાંથી ચોખા કાઢી સાફ કરવા માંડ્યા. રાજાએ ચોખાની સાથે હીરા પણ નાખ્યા હતા. પુરંદરની ધર્મપત્ની ચોખા સાફ કરીને હીરાંને અલગ કરતી હતી. પછી બધા હીરા તેણે ઘરબહારની એક કચરાપેટીમાં નાખી દીધા. પછીથી રાજાના સ્નેહાગ્રહથી વશ થઇને ભકત પુરંદર રોજ રાજમહેલમાં જવા લાગ્યા. રાજા



તેમને રોજ હીરા-મિશ્રિત ચોખા ભેટમાં આપતો. ઘર પર પત્ની ચોખા સાફ કરી રોજની જેમ હીરા કચરાપેટીમાં નાખી દેતી ભકત પુરંદર તો આની લેશ પણ પરવા કરતા ન હતા.

ચાજાના મનમાં વિચાર આવ્યો કે પુરંદર લોભી લાગે છે. રોજ હીરા–મિશ્રિત ચોખા લેવા આવે છે. જરૂર એમને હીરાનો મોહ છે. એટલે એક દિવસ તેમણે ભકત પુરંદરને નમ્રતાથી કહ્યું :

"ભકતરાજ, હું આપને એક વાત કરવા માગું છું."

"ખુશીથી કરો મહારાજ" પુરંદરે કહ્યું.

"ધનના લોભથી માણુસમાં આત્મજ્ઞાન રહી શકતું નથી. માયાની શકિત પ્રબળ છે. આપ પણ માયામાંથી કયાં મુકત બન્યા છો ?" રાજાએ નમ્રતાથી પૂછ્યું :

આત્મજ્ઞાની ભકત પુરંદરને લાગ્યું કે રાજાની ધારણા ખોટી છે. અને સમજાવવાથી તે આ વાત નહીં માને. તેથી તે રાજાને લઇને તરતજ પોતાના ઘરે આવ્યા. નિસ્પૃહી પુરંદર તો સ્વસ્થ ને શાન્ત હતા. કયાંય કોઈ મોહ કે આસ-કિત ન હતી. રાજાએ જોયું તો પુરંદરની પત્ની ચોખા સાફ કરી રહી હતી. તે પણ ભગવદ્ ભાવમાં મસ્ત રહેતી હતી. રાજાએ તેને પૂછ્યું :

'બહેન તમે શું કરી રહ્યાં છો ?'

"કોઈ દાનેશ્વરી મારા પતિને રોજ ભેટમાં ચોખા આપે છે. ચોખામાં ખૂબ કાંકરા ભરેલા હોય છે. તે કાંકરા વીણીને હું ચોખા સાફ કરું છું. કાંકરા કંઇ થોડા ખાઈ શકાય ?" આમ કહીને શાન્તિથી ઊભી થઇ. ને ચોખામાંથી વીણેલા હીરા જે તેને મન તો કાંકરા-સમાન હતા. તે તેણે બહાર જઇને કચરા પેટીમાં નાખી દીધા.

રાજા તો આ જોઇને આભોજ બની ગયો. ભકત પુરંદરને મન પણ આ હીરા કાંકરા સમાનજ હતા. એમને મન માટી અને સોનામાં, કાંકરા અને હીરામાં કશોય ફરક ન હતો. કયાંય કશામાં આસક્તિ ન હતી. રાજાને લાગ્યું કે પુરંદરમાં લોભ નથી. મોહ નથી. ખરેખર આ આત્મજ્ઞાની વંદનીય મહાત્મા છે. અને રાજાએ આ આત્મજ્ઞાની મહાપુરુષ પુરંદર અને તેમનાં પત્નીને વંદન કર્યાં. પછી તે પોતાના મહેલમાં પાછા ફર્યા.

સાચેજ આત્મજ્ઞાની મહાપુરુષ વંદનીય છે. પૂજનીય છે.

---

( ટાઇટલ ૩ નું ચાલું ) **સદ્‌ભાવભરી ભેટ**

૨૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૧૧ શ્રી સરોજબેન ત્રિવેદી, ભાવનગર.
૨૫ શ્રી હરિભાઇ ભોજાણી, મોરબી-પુત્રી મીના તથા ડો. પ્રકાશ વિદેશયાત્રાથી પાછા આવતાં.
૧૧૨૫ શ્રી લલ્લુભાઇ મથુરભાઇ ભક્ત, અમેરિકા-પૂ માતુશ્રીની પુણ્ય સ્મૃતિમાં.
૧૧ એક અનામી સાધકબેન તરફથી.
૧૫ શ્રી એમ. એસ. વોરા, સુરેન્દ્રનગર-પુત્ર દીપકને નોકરી મળતાં.

તે સહુને અભિનંદન.

—※—



# આનંદ ના આવે તો પણ કરો

લેખકઃ-વિજય પુરોહિત (બાપજી)

પ. પૂજ્ય ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીના દર્શન અમારા માટે જીવનમાં આનંદ પામવાના રસાયણ રૂપ હતા. એમની વાણી અમારા માટે બ્રહ્મનાદના અનુસંધાને મળતા મહારસ સમાન હતી. પૂ. શ્રીની વાણીએ જ સૌ પ્રથમ અમારા મનનું આકર્ષણ કરેલું. ( મુંબઇના માધવ બાગમાં સન ૧૯૭૪ ના લગભગ માર્ચ મહીનામાં ) માધવ બાગના લક્ષ્મી નારાયણનાં દર્શન કરીને જીવનની સહજ ન સમજાય એવી ગૂંચ, અશાંતિ લઇ મંદિરના પગથિયા પર બેઠા અમે વિચારતા હતા, અને ત્યાંજ માઇકમાંથી આવતા અવાજે તન અને મનને ઝંકૃત કર્યાં. એનાથી મુગ્ધ બનેલું મન ખેંચાયું. અને પ્રવચન સ્થળના કંપાઉન્ડમાં એક બાજુના ખૂંણામાં ખેંચી ગયું. એ પ્રેમમૂર્તિ પ્રવચનકર્તાનાં દર્શને તો નશીલી અવસ્થામાં ધકેલી દીધા. એ મહા માનવની વાણી સાંભળતાં અને દર્શન કરતાં કરતાં નશો વધતો ગયો અને મન કયારે શાંત બની ગયું તેની ખબર જ ન પડી ! જયારે શાંતિમાંથી જાગ્યા ત્યારે અમારા સિવાય પ્રવચન સ્થળે કોઈ જ ન હતું. અમે પણ અંતરમાં જેને શોધતા હતા તે પ્રાપ્તિના સંતોષ, આનંદ અને નશો લઇ ધીમે પગલે ત્યાંથી વિદાય થયા.

એ પછી ક્રમે ક્રમે અનુભવાતું રહ્યું કે તે દિવસે ધન્ય પળે કોઇક શકિતએ મનની સ્થૂલતાને ભેદી અંતરમાં સ્થાન બનાવ્યું હતું, ત્યારથી જીવન પ્રવાહના વહેણે તદ્દન નવો વળાંક લીધો. અશાંતિ અને કલેશોના ઘોર અરણ્યમાંથી આનંદ, શાંતિના અક્ષય ભંડાર સમા આંતર પ્રદેશમાં પગલાં

મંડાયાં. એવા અમારા જીવન ધનરૂપ શ્રી ગુરુદેવનાં દર્શને સન ૧૯૮૦ ના જુલાઈ મહીનામાં સુરત શહેરમાં જવાનું બન્યું.

આ વખતે અમારા પિતાજી પણ પૂ. શ્રીના દર્શને આવ્યા. એમને થયું કે આ છોકરો કોઈ ધૂતારાની સંગે તો નથી ચઢયો ને? કારણ કે અમે મક્કમ પગલે પ્રભુ પંથે ચાલવા લાગ્યા હતા. પૂ. શ્રીનો બે દિવસનો સત્સંગ સાંભળયા પછી અમારા પિતાજી કહેઃ "પૂ શ્રી યોગેશ્વરજી એક સાચા સંત છે. એમના દર્શનથી શાંતિ અને સંતોષ મળે છે. તેઓ શ્રી સમર્થ સંત દેખાય છે." એમના સંતોષથી અમારો માર્ગ વધારે સરલ બન્યો.

સુરતનાં પ્રવચનો પૂરાં થયાં. હવે પૂ. શ્રીનો કાર્યક્રમ પ. પૂ. મા સર્વેશ્વરીના પ્રાગટ્ય ધામ કપૂરા ગામમાં થવાનો હતો. તેથી પૂ. મા કહે (અમને) "ચાલો કપૂરા."

અમે કહ્યું, "પાલનપુર છોડ્યાને ઘણા દિવસ થયા તેથી હવે જવું જોઇએ.

પૂ. મા કહે, "તમે કપૂરા કયારેય આવ્યા છો?" અમે કહ્યું, "ના," "પૂ. મા કહે તો તમારે આવવું જ પડશે." અમે કહ્યું, "પ્રભુ (પૂ. શ્રી યોગેશ્વરજી) કહે તો આવું. પ્રભુને પૂછી જુઓ."

પૂ. મા સાથે અમે પ્યારા પ્રભુ પાસે ગયા. પૂ શ્રીને મા કહે, "આ છોકરો કપૂરા આવવાની ના કહે છે." પૂ. શ્રી બોલ્યા, "હં, કેમ? અમે કહ્યું, "હવે કામ ધંધો છોડ્યાને બહુ દિવસ થઇ ગયા છે." પૂ. શ્રી કહે, "કપૂરામાં આનંદ આવશે. (પૂ. મા સામે જોઈ બોલ્યા) કેમ? હકારમાં પૂ. મા એ માતૃહેત વરસાવતાં અમારી સામે જોઈ મલકાયાં. પૂ. શ્રી આગળ બોલ્યા, "બીજા ભાઈઓ પણ આવવાના છે



તેમની સાથે પાછા આવી શકશો." અમે ડોકું હલાવી હાં કહી.

કપૂરાની એ ધન્ય ધરતી પર પ. પૂ. મા સર્વેશ્વરીની કૃપાથીજ અમે આવી ગયા. અહિં કેટલાક પ્રભુ પ્રેમી દિવ્યાત્માઓને મળીને આનંદ થયો. એવાં પ્રેમી કે પ્રભુની વાતો કરતાં પ્રભુ પ્રેમના અશ્રુ વહાવ્યા વગર જેમનું હૈયું રહી શકતું નથી તેવા બીજી ત્યાંની અતિથિ સેવા પણ શીખવા જેવી લાગી.

સાંજે પ. પૂ. મા પાસે પાલનપુર જવાની વાત કહી. પૂ માએ રોકાઇ જવા કહ્યું. અમે મા સાથે વાતો કરતાં કરતાં પૂ. શ્રી પાસે પહોંચ્યા. મા બોલ્યાં (પૂ. શ્રીને સંબોધી) "વિજયભાઈ જવાની વાત કરે છે. હું કહું છું કે રોકાઇ જાઓ." પૂ. શ્રી શાંતિથી બોલ્યા "કેમ ભાઈ? રોકાઈ જાવ મા કહે છે ને?"

પૂ. મા અમને કહે, "શું કાંઈ દુઃખ પડયું" અમે કહ્યું, "ના, હું કપડાં કે બીજો સામાન નથી લાવ્યો; ફક્ત પહેર્યે કપડે આવ્યો છું"

પૂ. શ્રી બોલ્યા (મા સામે જોઈને) "એ તો અહિંયાં મળી રહેશે કેમ? પૂ. મા કહે, "હાં, બધુંજ મળી રહેશે." અને આ વાતોના અંતે અમે રોકાઈ ગયા.

પછી તો એ સ્વર્ગીય આનંદ આપનારાં મા અને પ્રભુ તથા તેમના પ્રેમીઓ વચ્ચે પાંચ દિવસ રોકાયા. એમાં એક દિવસે સવારની સત્સંગની બેઠકમાં અમે બે પ્રશ્નો પૂછ્યા. પ્રશ્નો લખીને પૂછ્યા હતા. પૂ. શ્રીને ચીઠ્ઠી આપી. પૂ શ્રીએ જોઈ અને પાછી અમને આપી કહેવા લાગ્યા, "વાંચો. અમે પ્રશ્નો વાંચ્યાં. પૂ. શ્રીએ જવાબો આપ્યા. તેમાંનો એક પ્રશ્ન હતોઃ-

પ્રશ્નઃ જપ અને ધ્યાનમાં આનંદ અને શાંતિ મળતી હોય,

ક્યારેક અનુભવો પણ થતા હોય (દર્શનો) નાદ શ્રવણ સતત થતું હોય, છતાં આત્મ દર્શન ન થતું હોય તો શું કરવું જોઇએ ?"

જવાબઃ-પૂ શ્રી હા, અભ્યાસ વધારવો જોઇએ. કેટલો સમય ધ્યાન કરો છો ?

અમે કહ્યું, "લગભગ દોઢ કલાક (સવારે) પૂ. શ્રી કહે, "કમસે કમ ૩ કલાકની એક બેઠક થવી જોઇએ. અઠવાડિયા સુધી બે કલાક કરી નાંખો એ પછી ધીરે ધીરે સમય વધારવાનો.

અમે પૂછ્યું, (જપ, ધ્યાનમાં) આનંદ શાંતિ ન આવે તો પણ ? પૂ. શ્રી કહે "હાં તો પણ, સમય વધારવો. પૂ. શ્રીએ વિષયની ગંભીરતાને હળવી કરતાં રમૂજી ભાષામાં હાવ ભાવ કરતાં કહ્યું, "હાં આનંદ તો બહુ મોડો આવે, કેમ ? (મુંબઇથી શ્રી જે. વી. શાહ આવ્યા હતા. તેઓ સામે જોઇ બોલ્યા) મુંબઇથી પ્રથમ સ્ટેશન શું આવે છે ?

શ્રી જે. વી. શાહ કહેઃ "વીરાર"

પૂ. શ્રી કહે, "ના, તમે ભૂલ્યા. સેન્ટ્રલ સ્ટેશનથી પહેલાં દાદર આવે, એટલે પ્રથમ સદ્‌ગુરુનો દાદર ચઢવો પડે. પછી ક્રમે ક્રમે બીજા સ્ટેશનો આવે. બોરીવલી–બોરીવલી એટલે સદ્‌ગુરુએ બતાવેલ માર્ગ (સાધના) થી બોર (કંટાળવુ) નહીં. પછી વીરાર–વીરાર એટલે વીરતાપૂર્વક સદ્‌ગુરુનાં વચનને વળગી રહેવું. હા પછી વાપી આવે એટલે સદ્‌ગુરુના વચને ચાલતાં ચાલતાં વાપી એટલે વાસનાઓનો નાશ થાય. પછી નવસારી એટલે નૂરતા અને સુરત એટલે સુરતા. નૂરત સુરત બન્ને એક થાય એટલે આત્માનુભુતિ થાય. પછી બધેજ બ્રહ્મનું દર્શન થાય."

અમને પૂછ્યુ "થાય છે ?" અમે કહ્યું "ના." પૂ.

(અનુસંધાન પાના ૫૧ ઉપર)



# ઋણ સ્વીકાર

નારાયણ હ. જાની

'અધ્યાત્મ'નું કામ કરતાં કરતાં અવનવા ને અનોખા પરિચયો પ્રભુ કરાવે છે. આવો જ એક પરિચય અમોને ૧૯૮૧ માં શ્રી ભગવાનજીભાઇ ભક્ત અને એમનાં ધર્મપત્ની કંચનબેન સાથેનો થયો.

તે સમયે તેઓ તેમની પુત્રીના લગ્ન નિમિત્તે ભારત આવેલાં. પત્ર વ્યવહારથી તો પરિચય હતો, કારણ કે અમેરિકાના લોસ એન્જેલેસના અધ્યાત્મના ગ્રાહકોની યાદી અને પૈસા એમના તરફથી આવતા. એથી એ નિમિત્તે ખાસ કરી શ્રી કંચનબેનને વર્ષમાં બેત્રણ પત્રો લખવાનું થતું.

એજ વર્ષે શિયાળાની એક સાંજે હું મારી લેખનપીઠ ઉપર બેસી કંઇ લખી રહ્યો હતો, એ સમયે એક ભાઇ ઘરમાં પ્રવેશ્યા ને પૂછ્યું, "નારાયણભાઇ કયાં છે ?"

"મેં કહ્યું, "હું જ નારાયણભાઇ છું, આપનો પરિચય ?"

"હું ભગવાનજી, લોસ એન્જેલેસથી આવું છું." "ઓ હો ! તો કંચનબેન કયાં છે ?" મેં પૂછ્યું.

"બહાર ગાડીમાં બેઠાં છે. હું ઘર જોવા આવેલો. હવે તેમને બોલાવી લાવું છું."

એમ કહી તેઓ તેમનાં માતા–પિતા અને કંચનબેનને બોલાવી લાવ્યા. તેઓ બેઠાં એટલે હું પાણી આપવા ઊઠ્યો કારણ કે તે વખતે મારાં પત્ની દર્શન કરવા મારા માતાજીને લઇને બહાર ગયેલાં. તો શ્રી કંચનબેને મને કહ્યું, "તમે બેસો, હું જ પાણીના ગ્લાસ ભરી લાવું છું, ને તેઓ જાણે

મને ઘણા સમયથી ઓળખતાં હોય તે રીતે જઈને પાણીના ગ્લાસ લઈ આવ્યાં.

એમનું સહજ અને સરલ વર્તન તેમજ આત્મીયતા મને એકદમ સ્પર્શી ગયાં. એ પછી એમની વ્યવહારિકતા અને ઉદારતાનો વિશેષ પરિચય તો મને તુરત જ મળ્યો, જ્યારે એમણે પૂછ્યું, "અધ્યાત્મને ચલાવવા આર્થિક મુશ્કેલી કેવીક પડે છે?"

મેં કહ્યું, "પ્રભુકૃપાથી–પૂ. મહાત્માજીની કૃપાથી ચાલી રહે છે. હજી શરૂઆત છે એટલે થોડી મુશ્કેલી જેવું રહે એ સ્વાભાવિક છે."

એ સાંભળતાં જ એમણે તુરત જ પોતાના પાકીટમાંથી કાઢી રૂા. ૫૦૦/- મને આપી દીધા. મેં કહ્યું: "જાગૃતિબેનના લગ્ન નિમિત્તે તો તમે ભેટ મોકલી આપી છે. તો હવે આની શી જરૂર?"

એમણે કહ્યું, "રહેવા દો. માસિકના કામમાં ખપ લાગશે."

બસ, આ અમારી નાની સરખી એકાદ કલાકની પ્રથમ મુલાકાત. એ નાનું સરખું પ્રથમ પરિચયનું બીજ ૧૯૮૮માં એક વટવૃક્ષ બની અમને જીવનમાં આગળ ઉપર સહાયરૂપ થશે, તેની કલ્પના તે દિવસે તો કયાંથી હોય!

* * *

૧૯૮૭ ના નવેમ્બરમાં હરિદ્વારમાં પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ તેઓની સાથે મને ને મારાં પત્નીને પરદેશ આવવાનું કહ્યું, ત્યારે અમે અમારી રીતે આર્થિક વ્યવસ્થા માટે વિચારવા લાગ્યાં. ત્યાં તો અમને પૂ માએ જાણ કરી કે તમારા બેમાંથી એકજણની બધી ટિકિટનો ખર્ચ શ્રી ભગવાનજીભાઇએ આપવા જણાવ્યું છે. એ જાણી અમને ભારે



આશ્ચર્ય થયું. એમના ઉમદા સ્વભાવનો પરિચય મળ્યો અને જ્યારે એ ધર્મનિષ્ઠ દંપતીને ત્યાં દોઢ માસ જેટલો સમય પૂ. મા સાથે રહેવાનું થયું ત્યારે એમણે અમારા ઉપર જે પ્રેમ, વાત્સલ્ય ને આદરભાવ વરસાવ્યાં તે અમને જીવનભર યાદ રહી જવાનાં! શ્રી ગુરુદેવ કેવી અદ્‌ભુત લીલા કરે છે, તે જોઈને આનંદ આશ્ચર્ય ઉપજે છે. પ્રભુ ક્યાં ને કેવી રીતે ઋણાનુબંધો ઊભા કરે છે, કરાવે છે, એ કેવી રીતે જાણી શકાય?

* * *

માર્ચ, ૧૯૮૭માં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની પુણ્ય તિથિ મસૂરીમાં ઉજવવાનું નક્કી થયું. ત્યાંની શ્રી ગાંધી-નિવાસ સોસાયટીએ એ માટે આમંત્રણ આપેલું. ગુજરાતમાંથી ત્રણસો ઉપરાંત સાધક ભાઇબહેનો એ કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યાં છે. દિલ્હીથી હરદ્વાર થઇ મસૂરી જવા માટે સ્પેશિયલ લકઝરી બસો કરવામાં આવે છે. પરંતુ પરદેશથી એ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા કેટલાક ભાઈબહેનોએ પોતાના માટે ત્રણ ટેકસીઓ કરેલી. પૂ. મા એમાંની એક ટેકસીમાં મસૂરી જવાનાં હતાં, એની જાણ મને પછી થઇ.

અમે બસમાં જતાં પહેલાં પૂ. માને વંદન કરવા આવ્યાં. તો અમને તેઓએ કહ્યું, "ત્રણ ટેકસીઓમાંથી બે ટેકસીઓમાં તમે ને તમારાં પત્ની અલગ અલગ બેસી જજો અને તેમને પૂ. શ્રીના જીવન વિષે વાતચીત કરજો." પૂ. મા જે ટેકસીમાં બેઠેલાં તેમાં બેઠેલા શ્રી ધીરૂભાઈ દેસાઈ સાથે મારે બેસવાનું હતું. થોડા સમયથી જ તેઓ પૂ. માના સંસર્ગમાં આવેલા અને એમને ઘણી બધી આધ્યાત્મિક વાતો જાણવાની જીજ્ઞાસા હતી. એથી પૂ. માએ તેઓની સાથે પૂ. શ્રીના સાધનાત્મક જીવનની વાતો કરવાની મને સૂચના આપી.

થોડી વાતચીતમાંજ શ્રી ધીરૂભાઈ એ ખરેખર જીજ્ઞાસુ

જીવ છે એની ખાત્રી મને થઇ ગઈ. એ વિચારશીલ ને તર્કવાદી સ્વભાવના છતાં મનથી ખુલ્લા હતા. એટલે એમને અમારી વાતોમાં રસ પડ્યો.

કલાકેક અમારી સાથે વાતચીત ચાલી, ત્યાં અચાનક એમણે મને પૂછ્યું, "તમે અમેરિકા આવોને?"

મેં કહ્યું, "અમારે અમેરિકામાં કોઇ સગાંવહાલાં કે પરિચિતો નથી. એટલે ત્યાં આવવાનું કોઈ પ્રયોજન નથી. વળી આર્થિક રીતે પણ અમે એવું વિચારી શકીએ એમ નથી."

એ પછી એ વાત ત્યાંજ અટકી ગઈ. પરંતુ શ્રી ધીરૂભાઈના મનમાં અમારા પ્રત્યેનો જે સદ્‌ભાવ ને આદર ટૂંકા પરિચયે પેદા થયેલો, તેણે કંઈક ગજબ જેવું કામ કર્યું.

પૂ. માએ એમને જણાવ્યું કે અમે અમેરિકા આવવાનાં છીએ અને અમારી સાથે શ્રી નારાયણભાઈ અને એમનાં ધર્મપત્ની પણ આવવાનાં છે.

પૂ. માના આગમનની પ્રતીક્ષા તો તેઓ ઘણાં વર્ષોથી કરી રહ્યા હતા. વળી પૂ. મા જો પરદેશ આવે તો લેવા આવવાની દરખાસ્ત, પણ ઘણા ભાઈબહેનોએ મૂકી હતી. એથી પૂ. માના આગમનના સમાચારથી એમને ભારે આનંદ થયો. સાથે સાથે અમારા આગમનની વાતને વધાવી લઇને એમણે પોતા તરફથી એક ટિકિટના પૈસા આપવાની જાણ પૂ. માને ટેલિફોન પર કરી દીધી. ૧૯૮૭ના માર્ચની ૧૭ તારીખની એ ટૂંકી મુલાકાતે અમારે માટે ભારે કામ કર્યું. પૂ. મા અને ગુરુદેવની અદૃષ્ટ શક્તિએજ એ કર્યું', એમ અમે માનીએ છીએ. લોસ એન્જેલેસના અમારા નિવાસ દરમ્યાન અમને શ્રી ધીરૂભાઇ, એમનાં ધર્મપત્ની શ્રી સરસ્વતીબેન અને પુત્ર ગૌતમનો વિશેષ પરિચય પણ થયો. પૂ. મામાંની એમની અનન્ય શ્રદ્ધા જોઈ અમને આનંદ થયો. આમ ઇશ્વરે અને પૂ. મા પ્રભુની કૃપાએ અમારી વિદેશ



યાત્રાનો આર્થિક બોજો બે ભાઇઓએ વહન કરી લઇ, અમને અહેસાનમંદ બનાવ્યા. પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપા કેવું ચમત્કારી કામ કરી શકે એનો પ્રત્યક્ષ અનુભવ પ્રભુએ અમને આપ્યો. લાગ્યું કે ભક્ત નરસિંહ મહેતાએ જે ગાયું છે તે સાચું છે.

કોઇનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ સાથે સહુ વાળી." પ્રભુ પ્રીત્યર્થે કરેલા નાના સરખા કૃત્યનો બદલો પ્રભુ કેવો અદ્‌ભુત આપે છે, એનું એક અનેરૂં ઉદાહરણ બની ગઈ અમારી વિદેશ યાત્રા. શ્રી મા-પ્રભુની એ મંગલકારી કૃપાનો જય હો, જય હો, જય હો.

---

( અનુસંધાન પાના ૪૬ નું ચાલું )

શ્રી "પછી ભરુચ એટલે ભય ભાંગી જાય. બધેજ બ્રહ્મનું દર્શન થાય તે પછી જ ભય ભાંગે. એ પછી? કોઇએ કહ્યું વડોદરા. પૂ. શ્રી બોલ્યા વડોદરાનું મૂળ નામ વટોદર વટ એટલે વડ વટોદર એટલે વડલા જેવું વીશાળ ઉદર. બધેજ બ્રહ્મની અનુભૂતિ પછી વીશાળતા આવે. ( માન, અપમાન, ગમા, અણગમા, મારાપણું સર્વ બ્રહ્મ ભાવમાં અદૃશ્ય થઈ જાય ) સર્વત્ર સમભાવ રહે. અનંતનો અનુભવ થાય. પછી જ આણંદ આવે. અને ત્યારે આણંદના ગોટા ખાવા મળે. આણંદ તો કેટલું દૂર છે? "શ્રીઈશ્વરભાઈ પરમાર્થી સામું જોઈ પૂ. શ્રી કહે આ ભાઇને પહેલા જ આણંદના ( આનંદ )-ના ગોટા ખાવા છે, મળે? શ્રી ઈશ્વરભાઈ કહે, "ના. પૂ. શ્રી કહે, "એટલે આનંદ ના આવે તો પણ જપ ધ્યાનનો સમય વધારો. સૌ દર્શનાર્થી, જીજ્ઞાસુ પૂ. શ્રીની કળા જે ગહન વિષયને પણ હળવો બનાવી શકે, તે જોઇ આનંદ-પ્રસન્નતામાં ડૂબી ગયા.

અમારી કપુરાની યાત્રા ચિરસ્મરણીય ને જીવનોપયોગી બની ગઈ. વ્હાલાં મા અને ગુરુદેવ પ્રભુનો જય હો.

( અનુસંધાન પાના ૧૪ નું ચાલુ )
વર્ષ ઉપરનાં માણસોને 'Senior Citizens' આધેડ નાગરિકો તરીકે ઘણે સ્થળે સગવડો આપવામાં આવે છે. એમની પ્રવેશ ફી પણ ઓછી લેવામાં આવે છે. ડીઝનીલેન્ડમાં પણ પ્રવેશ વખતે અમને એ પ્રણાલિનો લાભ મળ્યો.

અમેરિકાની ધરતી ઉપર અમારા જીવનમાં પૂ. માના સાન્નિધ્યને લીધે, બે પ્રવાહો એક સાથે ચાલી રહ્યા છે. એક ધાર્મિક અને બીજો ભૌતિક પ્રગતિ દર્શન. આવો સુભગ સમન્વય બીજાઓને ભાગ્યે જ સુલભ બને. પ્રભુની અમે એ કૃપા જ લેખીએ છીએ. એના લીધે ભૌતિક સંપત્તિ ને પ્રગતિના દર્શન વખતે અમારા મનમાં એક વિચાર પેલા નચિકેતાની જેમ રહે છે કે "એક દિવસે તો આ બધું નષ્ટ થવાનું છે. જે બધા નશ્વર પદાર્થો વચ્ચે પણ કદી નષ્ટ નથી થવાનું', એવું નિત્ય, સનાતન જ્યાં સુધી માણસ પ્રાપ્ત ન ન કરે ત્યાં સુધી, જીવને શાંતિ કયાંથી મળવાની ?"

પૂ. મા આ જ વાત કહેવા વિદેશની ધરતી ઉપર આવ્યાં છે.

### * લવાજમ મોકલાવો *

અધ્યાત્મના જે ગ્રાહકોનું લવાજમ પૂરું થયેલ છે તેઓને તેઓનું લવાજમ સવેળા તંત્રીને M. O. થી મોકલાવવા વિનંતી છે.

### * ખાસ નોંધ *

અધ્યાત્મના આ અંકમાં અમારી વિદેશયાત્રાની કેટલીક હકીકતો સવેળા આલેખવાની આવશ્યકતા જણાવાથી, થોડાં વધુ પાનાંઓમાં તે વિગતો મૂકવામાં આવી છે, તો વાંચકો ક્ષમા કરે.



# અમારા અનોખા ધર્મનિષ્ઠ યજમાન

## ( શ્રી ભગવાનજીભાઈ )

નારાયણ હ. જાની

અમારી ચાર માસની વિદેશયાત્રામાં અમારે પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે સહુથી વધુ રહેવાનું થયું. લોસ એન્જેલેસના અમારા યજમાન શ્રી ભગવાનજીભાઈ અને શ્રી કંચનબેનને ત્યાં આ ધર્મનિષ્ઠ દંપતિએ જે અપૂર્વ શ્રદ્ધા–ભક્તિથી પૂ. માની સેવા કરી તેનું દર્શન તેમજ અમારા પ્રત્યે જે આદર ને સ્નેહભાવ દર્શાવ્યો–એ અમારા જીવનની એક અણમોલ સુખદ સંસ્મૃતિરૂપ બની ગયાં.

અમારા ગુરુદેવ પ. પૂ. શ્રી યોગેશ્વરજી શ્રી ભગવાનજીભાઇને 'ભાગ્યવાન' કહેતા અને એમની 'અલોહા મોટેલ'ને 'અલ્લાહની'-ઈશ્વરની મોટેલ કહેતા. એ મોટેલના નં. ૧ના રૂમમાં પૂ. યોગેશ્વરજી જ્યારે જ્યારે એમને ત્યાં પધારેલા, ત્યારે ઊતરેલા. મોટેલનો એ સર્વશ્રેષ્ઠ રૂમ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી માટે ખાસ મુકરર કરી રાખેલો, સારી રીતે સજાવેલો.

અમારા આવતાં પહેલાં શ્રી ભગવાનજીભાઈએ એ પણ ધ્યાન રાખેલું કે અમે આવીએ એટલે ત્યારે અમારે શું શું જોઈશે ? ટૂથબ્રશ, પેસ્ટ, નાહવાના સાબુ, ટોવેલ, નેપકીન માથામાં નાખવાનું તેલ, ક્રીમ વગેરે અમારા આવાસમાં ગોઠવી દીધેલાં છે. અરે, અમે એમને ત્યાં રહીએ તે દરમ્યાન અમને સવાર–સાંજ કંઈ ખાવાની ઇચ્છા થાય તો એમની પાસે માગવું ન પડે, એમ વિચારી બદામ, કાજુ, પિસ્તાં, અખરોટનો એક નાનો ડબ્બો પણ અમારા ઉતારા ઉપર ભરીને રાખેલ છે, કેવી ઝીણવટભરી દૃષ્ટિ !

અમારી વિદેશયાત્રા દરમ્યાન અમે દિવસમાં એકવાર જ ભોજન કરતાં. પરિણામે અમારું સ્વાસ્થ્ય સારું રહ્યું. જો કે રાતે સૂતાં પહેલાં દૂધ ને ફળ લેતાં. કદીક રાતે ભૂખ જેવું ન હોય ને ફળ કે દૂધ ન લીધાં હોય, તો શ્રી ભગવાનજીભાઈ આવીને અચૂક ઉઠાડે, દૂધ ને ફળ ખવડાવે પછી જ એમને શાન્તિ થાય એવો એમનો અમારા પ્રત્યેનો આદરભાવ.

અમે ક્યાંય જોવા જતા-ડીઝનીલેન્ડ કે યુનિવર્સલ સ્ટુડીઓ હોલીવુડ તો અમારે માટે જરૂરી ફળ ને સૂકા મેવાનો નાસ્તો શ્રી કંચનબેન તૈયાર રાખતાં અને શ્રી ભગવાનજીભાઇ જરૂરી પૈસા. પોતાના ઘરના વડીલની આટલી સંભાળ એમનાં સંતાનો નથી રાખતાં. એવું અમે ઘણે ઠેકાણે જોઈએ છીએ. એટલે શ્રી ભગવાનજીભાઈ માટે અમારો પ્રેમ ને આદરભાવ વધી જાય છે.

સંપત્તિ તો ભાગ્યવશાત્ ઘણાં માણસો પાસે હોય છે. પરંતુ તેને સન્માર્ગે કે ધર્મમાર્ગે ખર્ચવાનું સૌભાગ્ય તો કોકના નસીબમાં જ લખાયેલું હોય છે. પોતાની લક્ષ્મી કોઇ સંતની સેવામાં વાપરવાની સૂઝ પણ પ્રભુ કોક વિરલને જ આપે છે. એવી વિરલ વ્યક્તિઓમાં શ્રી ભગવાનજીભાઈ ગણી શકાય.

પૂ. મા એમને ત્યાં પધારવાનાં છે એનો આનંદ ને ઉત્સાહ એ ધર્મનિષ્ઠ દંપતિને એટલો બધો હતો કે પૂ. મા જ્યારે આવે ત્યારે એમને માટે સરસ નવી ગાડી લઇ રાખીએ; અને એમણે નવી લીંકન ગાડી ખરીદી. પૂ. માને તો નવી કે જૂની ગાડીનું મહત્ત્વ ન હતું કારણકે તેઓ તો વ્યક્તિનો ભાવ જ જોતાં હોય છે. સંપત્તિ કે સુખ સગવડોની પ્રચૂરતા એમને આકર્ષી શકતી નથી. તેમને મન આ



બધાં કરતાં વ્યક્તિઓની આધ્યાત્મિક અભિમુખતા, પવિત્રતા, સરળતા, અને સેવાનું મૂલ્ય વધારે હોય છે.

પૂ. મા ૧.૫૦૦ દિવસો ઉપરાંતના ઉપવાસો પછી અમેરિકાની ધરતી ઉપર–સાત વર્ષ પછી પધારી રહ્યાં છે, ત્યારે તેમનું શરીર પ્રવાસનો પરિશ્રમ સહન ન કરી શકે એ સ્વાભાવિક છે. એટલા માટે એમણે આવી સરસ સુવિધાવાળી ગાડી ખરીદી. એ માટેનો એમનો આશય ખરેખર કેવો ઉમદા લેખાય !

લોસ એન્જેલેસના સાન્ટા આનામાં પૂ. માએ શ્રી ભગવાનજીભાઇને ત્યાં રામાયણનું સમૂહ પારાયણ કર્યું. શ્રીમદ્ રાજચંદ્રની કૌટુંબિક ધાર્મિક પરંપરામાં ઉછરેલા શ્રી ભગવાનજીભાઇ માટે આ પ્રમાણેના રામચરિત માનસના યજ્ઞની વાત નવી હતી. એમણે હિંદુ ધર્મના આ ગ્રંથને આટલી ઝીણવટથી કદી સાંભળ્યો ન હતો. વળી જે શ્રોતાઓ આવતા તે સહુ પણ રામાયણ ગ્રંથથી અને એના આધ્યાત્મિક પાસાંથી ખાસ પરિચિત ન હતા. એટલે સહુને ધર્મના એક નવીન પાસાંનો પરિચય કરાવવાનું શ્રેય એમને મળ્યું. સતત પંદર દિવસ ચાલેલા આ ગાન-જ્ઞાનયજ્ઞ પછી, એમને એવી ભાવના થઈ કે પ. પૂ. શ્રીમદ્ રાજચંદ્ર અને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનાં સ્વરૂપોની ધાર્મિકવિધિથી પૂજા કરીને સહુ શ્રોતાઓને મિષ્ટાન્ન ભોજન જમાડીએ. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ષોડશોપચાર (એટલે સોળ પ્રકારનાં પવિત્ર દ્રવ્યોથી કરાતી) પૂજા એમના માટે નવી હતી. તે તેઓએ કરી અને સહુને ખૂબ પ્રેમથી મિષ્ટાન્ન ભોજન જમાડ્યું. ધર્મભાવથી પ્રેરાઇને કરાએલા એમના આ કાર્યથી પૂ. માને પણ ભારે પ્રસન્નતા થઈ.

એમણે આવો સરસ ધર્મલાભ વિદેશની ધરતી ઉપર આપવા બદલ પૂ. માનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો અને પૂ. માના ચરણે ૧૦૦૧ ડોલરની ભેટ ધરી. પૂ. માએ કહ્યું, "અરે ભાઈ, તમે અમારા નિમિત્તે ઘણો ખર્ચ કર્યો છે ને કરો છો, એટલે અમારાથી આ ના લેવાય. ભવિષ્યમાં જયારે જરૂર પડશે ત્યારે લઈશું."

આપનાર માણસની ઉદારતાનો વિવેકપૂર્વક જ લાભ લઇ શકાય, એ પૂ. માના જીવનમાં અમને ઘણા પ્રસંગોએ જોવા મળ્યું છે તેવું ત્યારે જોવા મળ્યું.

સતત દોઢ માસ સુધી પૂ. માનો મુકામ એમની મોટેલ ઉપર રહ્યો એટલે લોકોની અવરજવર પણ સારા પ્રમાણમાં રહેતી. ઘણા બધા લોકો દૂર દૂરથી આવતા. તેઓ સહુને માટે શ્રી ભગવાનજીભાઈ અને કંચનબેને રસોડાનાં દ્વાર ઉઘાડાં જ રાખેલ. જેમને જે રુચિ થાય તે વિના રોકટોક ફળ-ફળાદિ, જયુસ કે ભોજન પણ લઇ શકતાં. રામાયણના ગાન પ્રસંગે ઘણા શ્રોતાઓ એવો નિયમ રાખતા કે પૂ. માના દર્શન પછી પાણી કે ભોજન લેતા. તો તે સહુને દૂધ, ફળ કે ભોજન સહજ રીતે-પ્રેમપૂર્વક મળી રહેતું. સહુને એવું જ લાગતું કે આ આપણું જ ઘર છે.

પૂ. માનો સ્વભાવ એવો કે કોઈ ભાવિક ભાઇ બહેનને સત્સંગનો લાભ મળી રહે એ માટે આમંત્રણ આપી બોલાવે. ભારતથી આવેલ જયાબેનને છેક જયોર્જિઆથી બોલાવી એક મહિનો કરતાં વધુ રાખ્યાં, તો શ્રી સુરેશભાઇ પરીખને છેક કેનેડાથી દસ દિવસ બોલાવ્યા. આ ઉપરાંત, એમનાં પરિચિતો કે સ્નેહીઓને સામેથી આમંત્રણ આપીને શ્રી ભગવાનજીભાઈ કહેતા, "ઘેર બેઠાં ગંગા આવી છે, લેવાય એટલો



લાભ લઈ લો," એટલે એમનાં સગાંઓ અને સ્નેહીઓ રહેવા આવતાં. સહુ માટે એમના દરવાજા ઉઘાડા-પ્રેમભર્યો આદર સત્કાર.

આ દિવસો દરમ્યાન પૂ. માની સેવા ને સત્સંગના આયોજનમાં શ્રી ભગવાનજીભાઇ અને કંચનબેને પોતાની ધંધાકીય પ્રવૃત્તિઓને સાવ ગૌણ બનાવી દીધેલી. તેઓ બન્ને પૂ. માની સેવા માટે સતત સતર્ક રહેતા. એના પરિણામે એમનો ભોજનનો અને સૂવાનો ક્રમ પણ સાવ બદલાઇ ગયેલો. એમની એ ક્રિયાઓ પાછળ પૂ. મા પ્રત્યેનો એમનો અનન્ય ભક્તિભાવ અને શ્રદ્ધા છતાં થતાં જણાતાં.

આ સત્સંગની બેઠકોમાં એમના સમાજનાં અંગત ઘણાં સગાંસ્નેહીઓ આવતાં. પરંતુ શ્રી કંચનબેનનું લક્ષ કેવળ પૂ. માની અંગત સેવા પ્રત્યેજ લાગેલું રહેતું. તેમના જીવનની દિનચર્યા છેક જૂનની ૪ તારીખથી તે છેક ૧૪ મી સપ્ટે. સુધી-કેનેડા તેમજ ઇંગ્લેન્ડની યાત્રાઓમાં-પણ પૂ. માની સેવામાં જ સમાપ્ત થતી. એવું લાગતું કે જાણે આ દિવસો દરમ્યાન એમણે એમની સમગ્ર સાંસારિક જવાબદારીઓમાંથી મુક્તિ લઇ લીધી ન હોય! એટલેજ પૂ. મા ઘણીવાર રમુજ-માં કહેતાં, "આ કંચન તો અમારી વગર પગારની ચેલી બની ગઇ છે." કેટલી બધી આત્મીયતા સેવા દ્વારા એ પામ્યાં! પ્રભુની કે સંત પુરુષોની કૃપા સિવાય એવું ભાગ્ય સહુને નથી મળતું.

આ ધર્મનિષ્ઠ દંપતિએ એ સતત ધ્યાન રાખ્યું કે પૂ. મા શ્રી સર્વેશ્વરીની સાધનામાં કોઇ વિક્ષેપ કે કોઈ ખોટો પરિશ્રમ ન પડે. આ માટે શ્રી ભગવાનજીભાઇ ખૂબ જાગ્રત રહેતા. પૂ. માનું બાર કલાકનું મૌન બરાબર જળવાઈ રહે એટલે તે સમય દરમ્યાન આવતા ટેલિફોનના તેઓ સીધા પ્રત્યુત્તર

વાળી દેતા. સત્સંગ પછીની વ્યક્તિગત મુલાકાતો પ્રસંગે પણ પૂ. માને વધુ પડતો પરિશ્રમ ન પડે તેનું ધ્યાનેય રાખતા તેઓ શિસ્તના આગ્રહી હોવાથી, કોઇકને કદીક જરા કડકાઇથી પણ કહી દેતા. આમ કરવા પાછળનો એમનો હેતુ કેવળ પૂ. માની સંભાળનો જ રહેતો.

પૂ. માની લેખિની પણ એકાદ વરસ પછી સાન્ટા આનાના પવિત્ર વાતાવરણમાં ચાલુ થઈ. પૂ. માએ અહીંના વસવાટ દરમ્યાન ઘણાં ભાવપૂર્ણ ભજનો ઉપરાંત, શ્રીમદ્ રાજચંદ્રની જીવન ગાથા કાવ્યમાં લખી. તે ઉપરાંત તેમનાં એકાવન નામોની જપ–માળા ને બાવની પણ રચી. સંત કબીરજી ઉપરની કાવ્ય રચના પણ અક્ષર દેહ પામી તો શ્રી રામકૃષ્ણ પરમહંસ તેમજ શ્રી શારદામા ઉપરની કાવ્ય રચનાઓ પણ સરજાઈ. આ માટે પૂ. માને જરૂરી પુસ્તકોની બધીજ સુવિધાઓ આ દંપતિએ પૂરી પાડી. એક સાધના કરનાર વ્યક્તિને સમજપૂર્વકનો આવો સહકાર આપનાર માણસો પણ બહુ ઓછાં જોવા મળે.

એક વાર અધ્યાત્મનો રસ લાગે, પ્રભુ કે સંત સાથે પ્રેમસંબંધ બંધાય, પછી જીવનની બીજી પ્રવૃત્તિઓ ગૌણ બની જાય. મન સતત સંતકૃપા ઝંખતું રહે. શ્રી ભગવાનજીભાઇને પણ આવુંજ થતું લાગ્યું.

પૂ. માના પચ્ચીશ દિવસના કેનેડા નિવાસ દરમ્યાન શ્રી કંચનબેન તો તેઓની સાથે જ રહ્યાં, પરંતુ શ્રી ભગવાનજીભાઈ માત્ર આઠ દસ દિવસ માટે લોસ એન્જેલેસ વિમાનમાં જઇને પાછા આવ્યા અને ઇગ્લેન્ડના ચૌદ દિવસના પ્રવાસમાં બન્ને જણ પૂ. માની સાથે જ રહ્યાં.

પૂ. માના ઉપવાસો દરમ્યાન પૂ. માની સતત ને સંપૂર્ણ દેખભાળ એજ એમની પ્રવૃત્તિ બની રહી. સંસારને ભૂલી



સંત સાથે રહેવું અઘરું છે. એમાં કેટલીકવાર કસોટીય થાય. છતાં ધીરજપૂર્વક પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ એ સહી લેવું ને પૂ. માની સેવા પ્રત્યે લક્ષ રાખવું, કઠિન છે. છતાં તેઓ એ કરતાં રહ્યાં. એ જોઈ અમને આનંદ થયો.

શ્રી ભગવાનજીભાઈનો સ્વભાવ ઘણો ઉદાર ને આનંદી છે. પોતાને માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને ઘસારો ન પહોંચે એવું એ સતત ધ્યાન રાખે ને તે નિવારવા બનતું બધુ કરી છૂટે.

રુબીનો અમારો ઉતારો કલ્યાણ પ્રાર્થના–મંદિરમાં. આ નાની સરખી સંસ્થા અહીંના ભાઇઓ પ્રેમપૂર્વક પોતાની રીતે ચલાવે. એમની સરસ પ્રવૃત્તિ જોઇને શ્રી ભગવાનજીભાઇએ જન્માષ્ટમીના દિવસે પૂ. માની અનુમતિ મેળવી આ સંસ્થાને સારી રકમની ભેટ આપી. સાત્ત્વિક દાન એને કહેવાય છે જે દેશ કાળ ને પાત્ર જોઇને અપાય. શ્રી ભગવાનજીભાઈ એવી તક શોધતા જ રહે. કેવો સરસ ભાવ!

અમારે માટે પણ એ ધર્મનિષ્ઠ દંપતિએ ઘણું કર્યું. લોહીની સગાઈવાળાં સગાંસંબંધીઓ જે નથી કરી શકતાં, એવું એક આત્મીય સ્વજન તરીકે એમણે કરી બતાવ્યું– કોઈ પણ બદલાની અપેક્ષા સિવાય.

એમને ત્યાં અમને અમારા ઘર જેવું જ લાગ્યું. પૂ. માની સેવા ને સંભાળ તો તેઓએ રાખી પરંતુ અમારી પણ સેવા પ્રેમપૂર્વક આદરભાવથી કરી. ઘરના વડીલની નાની મોટી જરૂરિયાતોનું જેમ પરિવારના સભ્યો ધ્યાન રાખે, એવું ધ્યાન એમણે રાખી અમારાં અંતર જીતી લીધાં; અમારા અંતરના આશિષ પામી લીધા. પ્રભુ એમના ભૌતિક જીવનની પુષ્ટિ સાથે એમની આત્મિક ઉન્નતિ પણ કરતા રહે એવી મંગલ ભાવના સાથે વિરમું છું.

# ૨૦–મુદ્દાનો કાર્યક્રમ

## ગુજરાત રાજ્યનું ભારતમાં પ્રથમ સ્થાન

ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી વિકાસ ક્ષેત્રે રાજ્યની કામગીરી નોંધપાત્ર રહી છે. પ્રગતિશીલતા અને વિકાસની આ પરંપરા ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ રાજ્યની સિદ્ધિઓમાં પ્રતિબિંબિત થાય છે. જેણે રાજ્યને દેશના અગ્રગણ્ય રાજ્યોમાં સતત સ્થાન અપાવ્યું છે. કાર્યક્રમના અસરકારક અમલ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ બની, અને આ માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. રાજ્યસ્તરે, વિવિધ કક્ષાએ તેની પ્રગતિ અંગે નિયત સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે. રાજ્યનું મંત્રીમંડળ, કાર્યક્રમના અમલની ગતિ વધારવા માટે દર માસે આ રાષ્ટ્રોપયોગી કાર્યક્રમની પ્રગતિની સમીક્ષા કરે છે. મુખ્ય સચિવશ્રી પણ દર માસે પ્રગતિની "ઉંડાણપૂર્વક સમીક્ષા કરીને કાર્યક્રમના વધુ અસરકારક અમલ માટે પગલાં સૂચવે છે. બિનસરકારી અને સરકારી વ્યક્તિઓની બનેલી જિલ્લા અને તાલુકા કક્ષાની સમિતિઓ પણ રચવામાં આવેલી છે. જિલ્લા કક્ષાની સમિતિઓ તેમની કામગીરી અસરકારક રીતે બજાવી શકે તે માટે આ કાર્યક્રમ હેઠળની બાબતોના જિલ્લાવાર લક્ષ્યાંકો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ નવઘડતર કરાયેલ ૨૦ મુદ્દા કાર્યક્રમના સફળ અમલીકરણ અર્થે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

**વર્ષ ૧૯૮૭–૮૮ ની પ્રગતિઃ**–ભારત સરકારના કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળની પસંદ કરાયેલ બાબતોમાં રાજ્યોની કામગીરીનું મૂલ્યાંકન કરી રાજ્યની એકંદર સિદ્ધિ માટે ક્રમ આપવામાં આવે છે. તદનુસાર ૧૯૮૭–૮૮ ના વર્ષના અંતે આંતરરાજ્ય તુલના અર્થે લક્ષમાં લેવાયેલ રાજ્યની ૧૯ બાબતો માટે ૯૫ ટકા સિદ્ધિ મેળવી સમગ્ર દેશમાં પાંચમો ક્રમ મેળવેલ છે.

**વર્ષ ૧૯૮૮–૮૯ ના જુન–૮૮ અંતિત પ્રગતિઃ**–કેન્દ્ર સરકારના કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય તરફથી મળેલ જુન–૮૮ અંતિત ત્રિમાસિક પ્રગતિ અહેવાલ અનુસાર આંતરરાજ્ય તુલના અર્થે પસંદ કરાયેલ રાજ્યની ૧૮ બાબતોની ૮૯ ટકા સિદ્ધિ માટે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યે પ્રથમ સ્થાન મેળવેલ છે. ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ રાજ્યમાં જુન–૮૮ ના અંતે હાંસલ થયેલ સિદ્ધિની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે.

પત્રક

# વીસ મુદ્દા કાર્યક્રમ–૧૯૮૬

### જુન–૮૮ ના માસનો પ્રગતિ અહેવાલ

૧૯૮૮–૮૯

| બાબત | એકમ | જુન–૮૮ અંતિત લક્ષ્યાંક | જુન–૮૮ અંતિત પ્રગતિ | લક્ષ્યાંક સામે પ્ર. ટકાવારી |
|---|---|---|---|---|
| **ગ્રામીણ ગરીબાઇનો પ્રતિકાર** | | | | |
| સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ | લાભાર્થીની સંખ્યા | ૧૬૮૬૮ | ૨૫૨૩૫ | ૧૪૯.૬ |
| રાષ્ટ્રીય ગ્રામ રોજગાર કાર્યક્રમ | લાખ માનવ દિન | ૨૦.૦૪ | ૫૩.૦૬ | ૨૬૪.૮ |
| ગ્રામ ભૂમિહીન રોજગાર બાંહેધરી કાર્યક્રમ | ,, | ૧૫.૪૨ | ૨૫૭૩ | ૧૬૬.૯ |

| | | | | |
|---|---|---|---|---|
| નાના પાયાના ઉદ્યોગોની એકમની નોંધણી | સંખ્યા | ૧૬૫૦ | ૧૬૧૮ | ૯૮.૧ |

**જમીન સુધારાનો અમલ**

| | | | | |
|---|---|---|---|---|
| ફાજલ જમીનની વહેંચણી | એકર | ૬૦૦ | ૬૩૨ | ૧૦૫.૩ |

**પીવાનું સ્વચ્છ પાણી**

| | | | | |
|---|---|---|---|---|
| આવરી લેવાયેલ ગામો | સંખ્યા | ૧૬૦ | ૧૪૪ | ૯૦.૦ |

**સર્વ માટે આરોગ્ય**

**બાળરોગો ને પ્રતિરક્ષણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. ડી. પી. ટી. | સંખ્યા | ૧૨૪૬૫૦ | ૭૫૦૬૯ | ૬૦.૨ |
| ૨. બી. સી. જી. | ,, | ૧૨૪૬૫૦ | ૧૩૨૦૦૦ | ૧૦૫.૯ |
| ૩. પોલીયો | ,, | ૧૨૪૬૫૦ | ૮૫૦૭૫ | ૬૮.૩ |

**બે બાળકોનો આદર્શ**

| | | | | |
|---|---|---|---|---|
| કુટુંબ નિયોજન શસ્ત્રક્રિયા | સંખ્યા | ૪૫૦૦૦ | ૨૧૯૮૯ | ૪૮.૯ |
| સમકક્ષ શસ્ત્રક્રિયા ગર્ભનિરોધક આંકડી ગર્ભનિરોધક સાધન વાપરનાર તથા ગળવાની ગોળીઓ લેનાર | સંખ્યા | ૫૬૨૨૧ | ૫૨૫૬૦ | ૯૩.૫ |
| સંકલિત બાળ વિકાસ સેવા પ્રયોજના ઘટકો કાર્યાન્વિત ઘટકોની સંચિત સંખ્યા | સંખ્યા | ૭૮ | ૮૬ | ૧૧૦ |
| આંગણવાડી | સંખ્યા | ૧૧૬૬૭ | ૧૨૮૫૫ | ૧૦૦.૨ |

**અનુજાતિ/અનુ. જનજાતિઓ આદિવાસીઓને ન્યાય આર્થિક રીતે સહાયિત થયેલ લાભાર્થી કુટુંબો**

| | | | | |
|---|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | સંખ્યા | ૭૦૫૦ | ૭૨૬૨ | ૧૦૩.૦ |
| અનુસૂચિત જન જાતિ | સંખ્યા | ૯૭૫૦ | ૧૪૧૬૮ | ૧૪૫.૩ |

**લોકો માટે રહેણાંકની વ્યવસ્થા**

| | | | | |
|---|---|---|---|---|
| ઘરથાળના પ્લોટની ફાળવણી | સંખ્યા | ૭૩૫૦ | ૭૭૪૯ | ૧૦૫.૪ |
| ઘર બાંધકામ સહાય | ,, | ૯૨૪૦ | ૩૯૫૩ | ૪૨.૮ |
| અનુ. જાતિ અને અનુ. જનજાતિ માટે ઇન્દિરા આવાસ યોજના | ,, | ૧૬૮૦ | ૧૨૮૮ | ૭૬.૭ |
| આર્થિક રીતે નબળા વર્ગ માટેના ફાળવાયેલ મકાનો | ,, | ૪૮૦ | ૬૦૦ | ૧૨૫.૦ |
| ઓછી આવકવાળા વર્ગ માટેના બંધાયેલ મકાનો | ,, | ૩૦૦ | ૩૭૪ | ૧૨૪.૭ |

**ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સુધારો**

| | | | | |
|---|---|---|---|---|
| સાત મૂળભૂત સગવડો સાથે આવરી લેવાયેલ ઝૂંપડપટ્ટીની વસતિ | સંખ્યા | ૫૦૪૦ | ૫૨૯૩ | ૧૦૫.૦ |

**વનીકરણ માટે નવી વ્યૂહરચના**

| | | | | |
|---|---|---|---|---|
| વૃક્ષારોપણ | સંખ્યા લાખમાં | ૧૫૦.૦૦ | ૨૯૦.૩૨ | ૧૯૨.૫ |

**ગામો માટે ઊર્જા**

| | | | | |
|---|---|---|---|---|
| વીજળી કરણ થયેલ કૂવા | સંખ્યા | ૪૮૦૦ | ૬૬૮૨ | ૧૩૯.૨ |
| સુધારેલા ચૂલા | સંખ્યા | ૯૦૦૦ | ૮૩૪૫ | ૯૨.૭ |
| બાયોગેસ પ્લાન્ટસની સ્થાપના | સંખ્યા | ૧૫૦૦ | ૨૦૯૩ | ૧૩૯.૫ |

(ગુજરાત રાજ્ય માહિતીખાતું)

—※—

# રામકથા

(ગતાંકથી ચાલુ)

**શ્રી યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

અયોધ્યામાં આવીને મહર્ષિ વસિષ્ઠે મંત્રીઓની મદદથી રાજ્ય વહીવટ ચાલુ રહે એવી સુવ્યવસ્થા કરી.

ભરતે સિંહાસન પર રામની પાદુકાની પ્રતિષ્ઠા કરીને નંદીગ્રામમાં રહેવા માંડયું, ને પ્રજાજનો રામના અસહ્ય વિયોગ દુઃખનો અનુભવ કરતા પોતપોતાના વ્યવસાયમાં લાગી ગયા.

ભરતે નંદીગ્રામમાં રહીને કઠોર તપ કરવા માંડયું અને ઊર્મિલાએ રાજપ્રાસાદમાં રહીને.

ઊર્મિલા તપ કરવા યોગ્ય ન હતી, એના જીવનમાં એ કાળ કઠોર તપનો ન હતો, છતાં પણ અણધાર્યા સંજોગો ઊભા કરીને વિધિએ પોતાની અદૃષ્ટ યોજનાનુસાર એને તપસ્વિની બનાવી દીધી.

રાજપ્રાસાદમાં રહીને ભરયૌવનમાં કરાતું એનું તપ, વનમાં વસીને કરાતા તપ કરતાં ઓછું અગત્યનું ન હતું.

અનંત ઐશ્વર્ય અને પ્રચૂર ભોગ સામગ્રી વચ્ચે રહીને કરાતા એ તપનો મહિમા વનના એકાંતિક તપ કરતાં વધારે હતો. એ વધારે મૂલ્યવાન હતું. અયોધ્યાના રાજપ્રાસાદમાં રહીને સાદું, સંયમી, તપશ્ચર્યામય જીવન જીવનારી ઊર્મિલા ચિત્રકૂટથી પાછા ફર્યા પછી અધિક ઊર્મિમય બની ગઈ હતી. એના અંતરમાં મોટે ભાગે આંસુ રહેતાં છતાં પણ એની મુખાકૃતિ શાંત અને ગંભીર ભાવ ધારણ કરતી. એની નિદ્રા એકદમ ઓછી થઈ ગયેલી અને આહારની માત્રા પણ ઘટી ગયેલી. સવાર સાંજ નિયમિત રીતે ધ્યાનમાં બેસીને એ આત્માના અંદરના પ્રદેશમાં ડૂબકી મારવાનો પ્રયાસ



કરતી અને એવી રીતે અનેરી શાંતિ મેળવતી.

વિદેહી જનકના આત્મજ્ઞાનના ઉત્તમોત્તમ સંસ્કારો એને વારસામાં મળીને એની અંદર પ્રબળપણે જાગી ઊઠ્યા હોય એવું લાગ્યા વિના ના રહેતું.

અયોધ્યાના અનંત ઐશ્વર્યથી ભરેલા સુખોપભોગવાળા રાજપ્રાસાદના વાતાવરણમાં રહીને પણ એનો આત્મા કાદવમાંના કમળની જેમ સદાયે અલિપ્ત અથવા ઉદાસીન રહેતો. એ આત્માને જાણે કે કશી અસર જ ના થતી. એ આત્મા ત્યાંના સંસ્કારોથી તદ્દન અસ્પૃશ્ય હોય એવું લાગ્યા કરતું.

ચિત્રકૂટની સ્મૃતિ હમણાં હમણાં એના મનમાં વિશેષ પ્રમાણમાં પેદા થયા કરતી. એ રહેતી અને હરતીફરતી અયોધ્યાના રમણીય રસમય ઇન્દ્રભુવન શા રાજપ્રાસાદમાં, પરંતુ એની આંખ આગળ ચિત્રકૂટનો પાવન પ્રદેશ ફર્યા કરતો. કામતગિરિનાં સુંદર શૃંગો એના મનને મુગ્ધ તથા મોહિત કર્યા કરતાં. એ શૃંગોપર એ મનોમન, દિવસમાં કેટલીયવાર વિહાર કરતી. એના પર પલાંઠી મારતી ને ધ્યાનસ્થ બનતી.

કામતગિરિ પર નાનાનાના એકાંત આશ્રમ બાંધીને વાસ કરનારા પરમાત્મ પરાયણ ઋષિમુનિઓની મુલાકાત લઈને એમના દેવદુર્લભ દર્શનથી કૃતાર્થ બનતી. એમના જાતજાતના ને ભાતભાતના સદુપદેશને શ્રવણ કરતી અને એમના અશીર્વાદ મેળવીને નવા, વધારે સારા, શાંત તથા તપઃપૂત જીવનને જીવવાના સંકલ્પ કરતી તેમજ કાર્યક્રમ બનાવતી અને પેલી પુણ્યસલિલા, પવિત્ર મધુમયી, મંદાકિની ? એને તો ભૂલી શકાય જ કેવી રીતે ?

એનો પ્રશાંત પ્રવાહ હંમેશાં એની આંખ આગળ તર્યા કરતો અને એના આત્માને અનેરો આનંદ ધરતો. એના નયનાભિરામ નાનકડા ઘાટની અદૃષ્ટપૂર્વ શોભાને એ મીટ માંડીને જોયા કરતી છતાં પણ ના ધરાતી. એવી સ્વર્ગીય શોભા એણે બીજે કયાંય

નોહતી જોઇ. એ તો ખરું જ, પરંતુ એની એને કલ્પનાયે ન હતી.

મહાસતી અનસૂયાએ પોતાના તપોબળના પ્રભાવથી પ્રકટાવેલી મંદાકિની એ મહાસતીના મંગલમય મહિમાનું જયગાન ગાતી શાંત પર્વતમાળાની વચ્ચેથી પસાર થતી આગળ વહી જતી. ઊર્મિલા એના પવિત્ર પાણીમાં અવારનવાર સ્નાન કરતી. એ માનસિક સ્નાન પણ એને ઓછો આનંદ ના આપતું

મંદાકિનીના તટપ્રદેશપરની રામ, સીતા અને લક્ષ્મણની કુટિરો તો એને પોતાના ઉત્તુંગ રમણીય રાજપ્રસાદ કરતાં વિશેષ રમણીય, આકર્ષક અને આનંદદાયક લાગતી.

એ કુટિરોની મુલાકાત એ પળે પળે લીધા કરતી એવું કહેવામાં કોઇ જાતની અતિશ્યોકિત નથી થતી.

એ પ્રશાંત અને સુંદર પ્રદેશનો એક પ્રસંગ એના સ્મૃતિપટ પર ઉપસી આવ્યો.

આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પ્રકટી ચૂકેલો. એની ચારુ ચાંદની એ પર્વતપ્રદેશમાં ચારે તરફ ફરી વળેલી. મંદાકિનીના નિર્મળ પાણી પ્રવાહમાં દેવતાઓએ જાણે દૂધનો અભિકષેક કરેલો. એ અસાધારણ પ્રકૃતિસૌન્દર્યનો સ્વાદ લેતાં લક્ષ્મણ અને ઊર્મિલા મંદાકિનીના ઘાટ પર બેઠાં બેઠાં વાતો કરી રહેલા.

એ વાતોનો પ્રાણ જરા કરૂણ હતો.

લક્ષ્મણે એ વાતોના અનુસંધાનમાં એકાએક કહેવા માંડયું :

'ઊર્મિલા, મારે લીધે તારે ઘણુંજ દુઃખ ભોગવવું પડયું, ખરું ?'

'એવુ કોણે કહ્યું ? મેં તો તમને એવી વાત નથી કહી.'

'તેં મને એવી વાત નથી કહી એ સાચું છે, છતાં પણ મને કોઇ કોઇવાર એવું લાગી આવે છે.'

'એવું લગાડવાનું કોઇજ કારણ નથી.'

'છતાં પણ હું વનમાં આવ્યો એટલે તારી સ્થિતિ કરૂણ તો બની જ ને ?'

(ક્રમશઃ)

૧૧ શ્રી નિર્મળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૨૧ ,, વર્ષાબેન દવે, રાજકોટ. પતિદેવના જન્મદિન નિમિત્તે.
૨૮૮ ,, દિનેશભાઈ પટેલ, લેસ્ટર.
૨૧ ,, એક સાધકબેન તરફથી, મુંબઇ.
૨૨૦ ,, સુરેશભાઈ મિસ્ત્રી, કેનેડા. શ્રદ્ધાના જન્મદિન નિમિત્તે.
૧૧૦ શ્રી રમેશ એલ. ભક્ત, મીસી સાગા. કેનેડા.
૨૭૫ ,, રવીન્દ્ર એલ. ભક્ત, ટોરેન્ટો; કેનેડા.
૫૫૧ ,, રામકબીર ભક્ત સમાજ ટોરેન્ટો કેનેડા. હા. શ્રી રવીન્દ્રભાઈ.
૬૦૫ શ્રીમતી પ્રેમિલા પરમાર, લેસ્ટર; યુ કે. હા. શ્રી ભગવાનભાઈ.
૧૨૧ શ્રીમતી ઉષાબેન, નરેન્દ્રભાઇ મિસ્ત્રી, યુ. કે. ડ્રાઇવીંગ લાયસન્સ મળતાં.
૧૨૧ શ્રી દુર્લભજીભાઈ મિસ્ત્રી, લંડન.
૧૨૧ ,, દુર્લભજીભાઈ મિસ્ત્રી, લંડન.
૨૦૦ એક સાધક તરફથી અધ્યાત્મને ભેટ.
૧૫૧ શ્રી બચુભાઇ વાજા, સુરત.
૩૦૦ ,, ઉર્મિલાબેન ગુણવંતલાલ ભક્ત, કપુરા હાલ (યુ. કે.)
૫૧ ,, ઉત્તમભાઇ દૂધવાળા, સુરત.

**રગ્બી કલ્યાણ પ્રાર્થના મંદિરની સુંદર સહાય**

પરમ પૂ. માશ્રી સર્વેશ્વરીના રગ્બી ઇંગ્લેન્ડમાં સાત દિવસના સત્સંગ નિમિત્તે, કલ્યાણ પ્રાર્થના મંદિર તેમજ મહિલા મંડળ તરફથી અધ્યાત્મને નીચે પ્રમાણે ભેટ મળી છેઃ-

રૂા. ૬૦૦૧ કલ્યાણ મંડળ, ૪ ક્રીમ્બરલી રોડ, રગ્બી.
૧૨૩૫ મહિલા મંડળ ,, ,,
૪૯ શ્રી ડાહ્યાભાઇ જે. મિસ્ત્રી ,,
હા. શ્રી અંબાલાલભાઈ મિસ્ત્રી.

( અનુસંધાન પાના ૪૨ ઉપર )

## * પ્રભુ, રક્ષા કરો *

વિજ્ઞાનની વિશાળ શક્તિ વિઘાતક બનીને સૃષ્ટિનાં સુખ, શાન્તિ ને સમૃદ્ધિને બદલે, સૃષ્ટિના સંહારનું સાધન થઇ રહી છે. એટમ, હાઇડ્રોજન કે કોબાલ્ટ જેવા વિનાશના દૂત-સમા બોમ્બનો સંગ્રહ કરીને, અહંકારી મદોન્મત માનવ, સંસારના સર્વનાશના સાગરતટ પર આસન વાળીને જાણે કે બેસી રહ્યો છે.

વાતો વહાલની પણ વૃત્તિ વેરની, શબ્દો શાંતિ ને સહકારના, પરંતુ સાધના અશાંતિ ને અસહકારની : એવા માનવનેતા પોતપોતાના પક્ષ ને બળની અભિવૃદ્ધિ કરવાની જાણે કે સ્પર્ધામાં પડ્યા છે, ને એને સારું શકય એવાં અને એટલાં સઘળાં સાધનોનો આશ્રય લઇ રહ્યા છે.

અંગારા અનેક છે, ને આજુબાજુ બધે જ કોલસા છે. એના ઉપર પવન નાખવામાં આવે એવી અવસ્થા છે. એમાંથી કયારે જવાળા ફાટી નીકળે ને સર્વભક્ષી બને એ એકદમ અચોક્કસ છે. પરંતુ વિધ્વંસ ને વિપ્લવનાં વાદળ ચારેબાજુ ઘેરાયેલાં છે.

કવિ તરીકે જ નહિ, પરંતુ તમારા એક પરમ પ્રામાણિક, પુરાણા પ્રેમી તરીકે-પણ હે પ્રભુ, મારી તમને પ્રાર્થના છે કે માનવના મનની મલિનતાનું માર્જન કરો, માનવને સાચા અર્થમાં માનવ કરો, ને માનવની બુદ્ધિ અને વિજ્ઞાનની શક્તિનો સંસારની સુખાકારી ને સમૃદ્ધિ સારૂં સમન્વય અને સદુપયોગ કરો. એ રીતે સંસ્કૃતિનો ઠીક, પરંતુ એનું સર્જન કરનાર મહા મૂલ્યવાન માનવ મનની રક્ષા કરો, પ્રભુ માનવ મનની રક્ષા કરો.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧